અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 NOVEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 129 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ટોપ 20 આતંકીઓનું હિટ લિસ્ટ ભારતીય એજન્સીઓએ બહાર પાડ્યુ

4  યુરોપીયન દેશોની પેલેસ્ટાઈનને માન્યતા : ભેંસ ભાગોળે ને છાશ છાગોળે

6  અનુષ્કા શર્મા અટવાયેલી ફિલ્મ ચકદા એક્સપ્રેસને રિલીઝ કરવાના પ્રયાસમાં...

7  ઘરેલુ વેજ થાળી 17% સસ્તી થઈ : બટાકા, ડુંગળી અને ટામેટાંના ભાવમાં ઘટાડાની અસર, નોન-વેજ થાળીના ....


### વિશ્વની આધ્યાત્મિક રાજધાની બની શકે છે, 8140 કરોડની યોજનાઓ શરૂ કરી

# ઉત્તરાખંડની સાચી ઓળખ તેની આધ્યાત્મિક શક્તિ: PM મોદી

**ઉત્તરાખંડ, તા.09**

પીએમ મોદી આજે ઉત્તરાખંડની રજત જયંતીની ઉજવણી કરવા માટે દહેરાદૂન પહોંચ્યા હતા. તેમણે ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (FRI) ખાતે ગઢવાલી બોલીમાં તેમના 29 મિનિટના ભાષણની શરૂઆત કરી હતી.મોદીએ રાજ્યની 25મી વર્ષગાંઠ પર તમામ ઉત્તરાખંડવાસીઓને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું, 'તીર્થયાત્રા અને આખું વર્ષ ચાલતું પર્યટન ઉત્તરાખંડને નવી ઊંચાઈઓ પર લઈ જશે. રાજ્યની સાચી ઓળખ તેની આધ્યાત્મિક શક્તિમાં છે. તે વિશ્વની આધ્યાત્મિક રાજધાની બની શકે છે.'

મોદીએ મંચ પરથી બટન દબાવીને 8,140 કરોડની યોજનાઓ શરુ કરી હતી. તેમણે કહ્યું કે રાજ્યનો વિકાસ ઘણી વખત રોકવામાં આવ્યો છે, પરંતુ અમે ખાતરી કરી છે કે હવે તેને બ્રેક લાગશે નહીં.

ઓગસ્ટ 2014 પછી 30મી વખત મોદી ઉત્તરાખંડ પહોંચ્યા હતા. આ પહેલાં મંચ પર સંબોધન કરતા સીએમ પુષ્કર સિંહ ધામીએ તેમના ખૂબ વખાણ કર્યા. તેમણે મંચ પરથી એક કવિતા વાંચી અને પીએમને રાષ્ટ્રઋષિ કહ્યા હતા.





### મોદીએ કહ્યું- ઉત્તરાખંડ એક ફિલ્મ ડેસ્ટિનેશન તરીકે ઉભરી રહ્યું છે

ઉત્તરાખંડમાં આખું વર્ષ પર્યટનની સંભાવના રહેલી છે. મને ખુશી છે કે રાજ્ય શિયાળુ પર્યટનને એક નવી દિશા આપી રહ્યું છે. શિયાળા દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ત્રણ વર્ષ પહેલાં, આદિ કૈલાશ યાત્રાએ 2,000 યાત્રાળુઓને આવતા હતા, પરંતુ હવે તે 30,000 સુધી પહોંચી ગયા છે. ઈકો-ટુરિઝમમાં અપાર સંભાવનાઓ છે. ઉત્તરાખંડ એક ફિલ્મ ડેસ્ટિનેશન તરીકે પણ ઉભરી રહ્યું છે.

### ઉત્તરાખંડને આધ્યાત્મિક રાજધાની તરીકે સ્થાપિત કરી શકાય છે

ઉત્તરાખંડે 25 વર્ષમાં વિકાસની લાંબી યાત્રા કરી છે. પ્રશ્ન એ છે કે, આગામી 25 વર્ષમાં તમે કઈ ઊંચાઈઓ જોવા માંગો છો? જ્યાં ઈચ્છાશક્તિ હોય છે, ત્યાં રસ્તો હોય છે. જ્યારે આપણે આપણા લક્ષ્યોને જાણીએ છીએ, ત્યારે આપણે તેમને પ્રાપ્ત કરી શકીએ છીએ. ઉત્તરાખંડની સાચી ઓળખ તેની આધ્યાત્મિક શક્તિમાં રહેલી છે. જો રાજ્ય દ્રઢનિશ્ચયી બને, તો તે પોતાને વિશ્વની આધ્યાત્મિક રાજધાની તરીકે સ્થાપિત કરી શકે છે.

### લાખો શ્રદ્ધાળુઓ અહીંના તીર્થસ્થળોની મુલાકાત લે છે

મોદીએ કહ્યું કે ઉત્તરાખંડ સરકાર હવે સફરજનના ખેડૂતોને ડિજિટલ ચલણ સબસિડી આપી રહી છે. દેવભૂમિ ઉત્તરાખંડ ભારતનું આધ્યાત્મિક હૃદય છે. તે અસંખ્ય તીર્થસ્થળોનું ઘર છે. તેઓ આપણી શ્રદ્ધાનું પ્રતીક છે. લાખો ભક્તો અહીં આવે છે. તેમની યાત્રા ભક્તિનો માર્ગ ખોલે છે અને અહીંના અર્થતંત્રને ઉર્જા આપે છે.

### "અહીંના 15 કૃષિ ઉત્પાદનોને GI ટેગ મળ્યા છે

મોદીએ કહ્યું, 'ઉત્તરાખંડ પણ લગ્ન સ્થળ તરીકે લોકપ્રિય બની રહ્યું છે. મારું અભિયાન છે- 'મેડ ઈન ઈન્ડિયા' મિત્રો, દેશે આત્મનિર્ભર ભારત પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો છે. આ માર્ગ વોકલ ફોર લોકલ દ્વારા પુરો થશે.' મને ખુશી છે કે અહીં ઝુંબેશને વેગ મળ્યો છે. પંદર કૃષિ ઉત્પાદનોને GI ટેગ મળ્યા છે. બદ્રી ગાયનું ઘી દરેક પર્વતીય ઘરની શાન છે. બેન્ડુ હવે બહારના બજારોમાં પહોંચી રહ્યું છે. તે ઉત્પાદન જ્યાં પણ જશે, તે ઉત્તરાખંડની ઓળખ પોતાની સાથે લઈ જશે.

### મોદીએ કહ્યું- શહીદોને સલામ

પીએમ મોદીએ કહ્યું કે આ દિવસ, 9 નવેમ્બરનો આ દિવસ એક લાંબી તપસ્યાનું ફળ છે. આજનો દિવસ આપણને બધાને ગર્વ કરાવે છે. ઉત્તરાખંડના દિવ્ય લોકોએ વર્ષોથી સ્વપ્ન જોયું છે. તે 25 વર્ષ પહેલાં અટલજીના શાસન દરમિયાન પૂર્ણ થયું હતું. હવે, 25 વર્ષની સફર પછી, ઉત્તરાખંડ એટલી ઊંચાઈએ પહોંચ્યું છે કે તે તેના માટે લડનારા દરેકને આનંદ આપશે તે નિશ્ચિત છે. ઉત્તરાખંડ રાજ્યની સ્થાપનાના રજત જયંતિ સમારોહમાં પીએમ મોદીએ કહ્યું કે સંસ્કૃતિ અને પ્રકૃતિને પ્રેમ કરનારા આજે ખુશ છે.

## અજિત પવારના પુત્રની કંપનીનું વધુ એક કૌભાંડ

### સરકારી જમીન હડપ કરવાનો આરોપ, સરકારે અગાઉ પુણેમાં એક પ્રોપર્ટીની ડીલ રદ કરી હતી

**નવી દિલ્હી, તા.09**

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવારની માલિકીની કંપની અમેડિયા હોલ્ડિંગ્સ સાથે સંકળાયેલું વધુ એક જમીન કૌભાંડ સામે આવ્યું છે. હાલનો મામલો બોપોડી વિસ્તારનો છે. કૃષિ વિભાગની જમીન હોવા છતાં, મામલતદાર સાથે મિલીભગત અને નકલી દસ્તાવેજો બનાવવાના આરોપો લાગ્યા છે. અમેડિયા કંપનીના ડિરેક્ટર દિગ્વિજય અમરસિંહ પાટીલ સહિત 9 લોકો સામે કેસ કરવામાં આવ્યો છે. અગાઉ, 6 નવેમ્બરના રોજ, પાર્થ પવારની કંપની પર પુણેના મુંધવામાં કરોડો રૂપિયાની જમીન હડપ કરવાનો આરોપ લગાવવામાં આવ્યા હતા. આ કેસના સંદર્ભમાં એક અધિકારીને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યો છે. સરકારે તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટી બનાવી છે.



નાયબ મામલતદાર પ્રવિણા શશિકાંત બોર્ડે (50)એ ખડક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કથિત ઘટના 12 ફેબ્રુઆરી, 2024 અને 1 જુલાઈ, 2025ની વચ્ચે છત્રપતિ શિવાજી રોડ પર મામલતદાર કોર્ટમાં બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ફરિયાદી પ્રવિણા બોર્ડે સબ-ડિવિઝનલ ઓફિસરની ઓફિસમાં નાયબ તહસીલદાર તરીકે કાર્યરત છે. તેમણે સરકાર વતી અધિકૃત અધિકારી તરીકે ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન, પુણેના મુંધવામાં 300 કરોડનો જમીન સોદો રદ કરવામાં આવ્યો છે. શુક્રવારે મુખ્યમંત્રી ફડણવીસ સાથે મુલાકાત કર્યા બાદ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે કહ્યું, 'પુણેમાં વિવાદિત જમીનનો સોદો, જે મારા પુત્ર પાર્થ પવાર સાથે જોડાયેલો હોવાનું કહેવાય છે, તે રદ કરવામાં આવ્યો છે.




## વટવામાં ઝઘડાની અદાવતમાં વાહન-મકાનમાં આગ લગાડી

# ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો, ચાર લોકો સામે ફરિયાદ નોંધાઈ

**અમદાવાદ, તા.09**

શહેરના વટવા વિસ્તારમાં નવાપુરા પાસે દરબાર નગરમાં રાત્રે પિતા અને પુત્ર સહિતના લોકો દ્વારા મકાન અને વાહનમાં આગ લગાવવાની ઘટના બની હતી. ઘરની પાસે પડેલા લાકડા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખીને બોલાચાલી બાદ વાહનમાં આગ લગાડી દેવામાં આવી હતી. ત્યારબાદ બાઈકનું સીટ કવર ઘરમાં ફેકતા ઘરમાં આગ લાગી હતી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. મુખ્ય આરોપી રાજા અગાઉ પણ ગુના નોંધાયેલા છે. પોલીસે ચાર લોકો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.



વટવામાં ઝઘડાની અદાવતમાં વાહન-મકાનમાં આગ લગાડી, મળતી માહિતી મુજબ શહેરના વટવા વિસ્તારમાં આમીના મસ્જિદ પાસે આવેલા દરબાર નગરમાં વહીદાબા નું શેખ પોતાના પરિવાર સાથે રહે છે તેમની બાજુમાં આમન ઉર્ફે રાજા અસલમખાન પઠાણ પણ પરિવાર સાથે રહે છે. રાજા અને તેમના પરિવારના સભ્યો ઘરની આગળ આવેલી જગ્યામાં ઘરનો સામાન રાખવા બાબતે બોલાચાલી અને ઝઘડો કરતા હતા છેલ્લા કેટલાક દિવસથી ઘરની આગળની આવેલી જ ખુલ્લી જગ્યામાં લાકડા પડેલા હતા જે કોઈ વ્યક્તિ લઈ ગયું હતું. શનિવારે સવારના સમયે રાજા અને તેના પિતા અસલમખાન પઠાણ સહિત બીજા બે સભ્યો દુકાન પર જઈને લાકડા લઈ જવા બાબતે મહિદાબાનુના પતિ અને તેના પિયર સાથે બોલાચાલી કરી મારા મારી કરી હતી જેથી બંનેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા.

ઘરની બહાર પડેલી બાઈક સળગાવી દીધી, હોસ્પિટલમાં હતા ત્યારે સાંજે 7:30 વાગ્યાની આજુબાજુ વહીદા બાનુના પતિના મોબાઈલ પર પરિચિત નો ફોન આવ્યો હતો કે તમારી બાજુમાં રહેતા રાજા અને તેમના પિતા અસલમખાન પઠાણ તથા કુવા કાલુ અને હિના ચારેય જણા તમારું ઘર સળગાવવા માટે આવ્યા છે. રાજા તમારા ઘરની બહાર પડેલી બાઈક સળગાવી દીધી છે અને સળગતી વસ્તુ તમારા બંધ મકાનની જાળીમાં નાખતા ઘરમાં આગ લાગી છે. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા પોલીસ અને ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી હતી.

ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો, હોસ્પિટલથી ચારેય લોકો ઘરે આવ્યા હતા ત્યારે પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળ પર હાજર હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. આગ લાગવાના કારણે ઘરમાં રહેલુ ફર્નિચર બળી ગયું હતું અને બે બાઈક પણ બળી ગઈ હતી. આ મામલે વટવા પોલીસ દ્વારા રાજા સહિત ચાર લોકો વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત યુનિ. રાયફલ શૂટિંગ રેન્જનો વિવાદ ફરી ચગ્યો....

## કોંગ્રેસે કહ્યું- રેન્જ પડદા પાછળ આશિષ અમીન જ ચલાવશે, સરકાર-યુનિવર્સિટીને માત્ર નામનું રાજીનામું આપ્યું

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય આશિષ અમીન એકવાર વિવાદમાં આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં રાયફલ શૂટિંગ રેન્જ માટે આશિષ અમીને રાયફલ એસોસિએશનમાં રાજીનામું તો આપ્યું છે, પરંતુ કોંગ્રેસનો આક્ષેપ છે કે, પડદા પાછળ આશિષ અમીન જ રાયફલ શૂટિંગ રેન્જ ચલાવશે, જેથી વિધાર્થીઓના હક માટે કોંગ્રેસ ઉગ્ર આંદોલન કરશે.

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું કે અગાઉ આશિષ અમીને પોતાની જ સંસ્થાને ફાયદો કરાવવા રાયફલ શૂટિંગ રેન્જ મેળવી હતી જોકે વિવાદ બાદ રાયફલ એસોસિએશનમાં નામ માત્રનું રાજીનામું આપ્યું છે.આશિષ અમીને વિધાર્થીઓના હિત કોઈ નિર્ણય કર્યો નથી.સરકાર અને યુનિવર્સિટીને માત્ર બતાવવા માટે જ રાજીનામું આપ્યું છે. પરંતુ યુનિવર્સિટીમાં શરૂ થનાર રાયફલ શૂટિંગ રેન્જ તો પડદા પાછળથી આશિષ અમીન ચલાવશે.આ કોન્ટ્રાક્ટ રદ કરીને રાયફલ એસોસિએશનને હટાવવામાં આવે.યુનિવર્સિટી ટૂંક સમયમાં નિર્ણય નહીં કરે તો ગુજરાત યુનિવર્સિટીના ઘેરાવ કરી કોંગ્રેસ,યુથ કોંગ્રેસ અને NSUI ઉગ્ર આંદોલન કરશે.

ગુજરાત યુનિવર્સિટીમાં રાયફલ શૂટિંગ રેન્જ તૈયાર થઈ રહી છે.જે રાઈફલ એસોસિએશન દ્વારા ચલાવવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય અને રાયફલ એસોસિએશનના પ્રેસિડેન્ટ આશિષ જમીન બંને હોદ્દા ઉપર હોવાથી અગાઉ તેમણે રાયફલ શૂટિંગ રેન્જ મેળવી હતી.પરંતુ યુનિવર્સિટીએ બંનેમાંથી એક હોદ્દા પર રાજીનામાની માંગણી કરતા આશિષ અમીને રાઈફલ એસોસિએશનમાં રાજીનામું આપ્યું હતું.જે બાદ યુનિવર્સિટી દ્વારા રાયફલ એસોસિએશનને રાઈફલ શૂટિંગ રેન્જ ચલાવવા માટે આપવામાં આવનારી છે.

અગાઉ કોંગ્રેસના ઉગ્ર વિરોધ બાદ જ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આશિષ અમીનનું બંનેમાંથી કોઈ એક હોદ્દા પર રાજીનામું માંગવામાં આવ્યું હતું.જોકે રાજીનામાં બાદ પણ પડદા પાછળથી જ આશિષ અમીન જ રાઈફલ શૂટિંગ રેન્જ ચલાવશે તેઓ કોંગ્રેસનો આક્ષેપ છે.તેથી કોંગ્રેસે આ રાયફલ શૂટિંગ રેન્જ ગુજરાત યુનિવર્સિટી સ્વતંત્ર રીતે પોતે જ લોકોની નિમણૂક કરીને ચલાવે તેવી માંગણી કરી છે.મહત્વનું છે કે રાયફલ શૂટિંગ રેન્જ માટેની જે પ્રોપર્ટી છે તે 400 થી 500 કરોડ રૂપિયાની છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ અંગે લાંબા સમય સુધી સિન્ડિકેટ સભ્ય રહેલા અને ધારાસભ્યએ કુલપતિને રજુઆત કરી હતી.કુલપતિને રજુઆત કરીને રાયફલ શૂટ રેન્જનું ફરીથી ટેન્ડર કરવા જણાવ્યું હતું.

### ઈટાલિયાનો ભાજપ સરકાર પર વાર

# આમ આદમી પાર્ટીએ ‘સહાય પેકેજ’ને ‘મજાક પેકેજ’ ગણાવ્યું




**અમદાવાદ, તા.09**

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગુજરાત સરકારે જાહેર કરેલ ખેડૂતોના સહાય પેકેજને ‘મજાક’ પેકેજ ગણાવ્યું. સરકારે જાહેર કરેલા પેકેજ અંગે નિવેદન આપતા કહ્યું કે, સહાય પેકેજમાંથી ખેડૂતોને આત્મહત્યા કરવા ઝેરી દવા ખરીદી શકાય. સરકારે એવી જાહેરાત કરી કે ખેડૂતોના ઘરે હેલિકોપ્ટર આવી જાય. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યુ છે. જેને ગોપાલ ઈટાલિયાએ મજાક પેકેજ ગણાવ્યું છે. સરકારે જાહેર કરેલ ખેડૂત સહાય પેકેજ મામલે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, સરકારે જાહેર કરેલ પેકેજમાંથી ખેડૂતોને માત્ર આત્મહત્યા કરવાની ઝેરી દવા ખરીદી શકાય. ગોપાલ ઈટાલિયાએ આ પેકેજને કૃષિ મજાક પેકેજ ગણાવ્યું. તેમણે કહ્યું કે, સરકારે જાહેરાત એટલી મોટી કરી જાણે ખેડૂતોના ઘરમાં હેલિકોપ્ટર આવી જાય. અઠવાડિયા સુધી ખેડૂતોના ખેતરે મંત્રીઓએ ફોટા પડાવ્યા બાદ કોથળામાંથી બિલાડું કાઢ્યું. એક હેક્ટર દીઠ ૫૦,૦૦૦ ની સહાય ખેડૂતોને મળવી જોઈએ. માત્ર ૨ હેક્ટર નહિ, ખેડૂતોની તમામ નુકસાની આપવી જોઈએ. સરકારે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા જોઈએ. ગાંધીધામમાં થયેલ જાહેર સભામાં ગોપાલ ઈટાલિયાને વિસાવદરમાં શું કામ કર્યા તે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ગાંધીધામની સભામાં પ્રશ્નો પૂછવા મામલે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, જ્યાં આમ આદમી પાર્ટીની સભા હોય ત્યાં ભાજપના કાર્યકરો આ રીતે ડિસ્ટર્બ કરવાનું કાર્ય કરે છે.

### નુકસાની થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ નથી : કિસાન

# કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ થયો નારાજ

## રાહત પેકેજ જાહેર કર્યું તે અંગે કિસાન સંઘે કહ્યું કે, સરકારે કોઇ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કર્યું

**ગાંધીનગર, તા.09**

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું.

રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમા ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઈ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે.

તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુન: વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આપ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોનો ખર્ચાની વાત કરીએ તો, પર વીધે ૧૮૦૦૦



થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આજે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી.

કિસાન સંઘે કહ્યું કે, સરકાર અને સમાજ જેને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના સૃષ્ટિઓ સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે. જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે.

આર.કે પટેલે કહ્યું કે, સરકારે જે આધારે આ પેકેજ જાહેર કર્યું છે તેનો આધાર મૂકવુ જોઈએ. ખેડૂતો માટે ઘાસચારો પણ ન આવે એ પ્રકારનું પેકેજ છે. સરકારે પુન: વિચાર કરવાની અમારી માંગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે.

તો બીજી તરફ, ખેડૂતોને સરકારે આપેલી સહાય સામે અમિત ચાવડાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, રાજ્યના દરેક ખેડૂતના માથે ૫૬ હજારનું દેવું છે. ખેડૂતોની વહારે આવવાને બદલે ખેડૂતોને સરકાર પડીકું આપી રહી છે. આજે જગતનો તાત તમામ રીતે હેરાન છે અને આર્થિક રીતે પાયમાલ છે. રાજ્યમાં ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે. એક તરફ રૂઠી છે અને સરકાર દયાહીન દેખાઈ રહી છે. સરકાર કહે છે ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. પરંતું ખેડૂતો કહે છે આ પેકેજ નહીં પડીકું છે. ખેડૂત દેવામાં ડૂબી જશે તો આત્મહત્યાનો દોર ગુજરાતમાં વધારે ચાલશે. દ્વારકામાં ખેડૂતે આત્મહત્યા કરી.

### ગાંધીનગરમાં હચમચાવી દેનારી આપઘાતી ઘટના

# 3 પેટ્રોલ પંપના માલિકનો નર્મદા કેનાલમાં 2 દીકરી સાથે આપઘાત

**ગાંધીનગર, તા.09**

ગાંધીનગરથી મોટા સમાચાર સામે આવ્યા છે. ૩ પેટ્રોલ પંપ માલિકે પોતાની બે માસુમ દીકરીઓ સાથે કેનાલમાં કૂદીનો આપઘાત કરી લીધો છે. દીકરીઓના મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યા છે.



ગઈકાલે બોરીસણાથી આધારકાર્ડ કઢાવવાનું કહી ઘરેથી ગાડી લઈ નીકળ્યા હતા, જેના બાદથી તેમના મોતની ખબર આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીનગર જિલ્લામાં બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારી પોતાની બંને દીકરીઓ સાથે ગઈકાલથી ગુમ હતા. ૭ નવેમ્બરના રોજ સવારે તેઓ બંને દીકરીઓને લઈ આધારકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા.

પરતું મોડી સાંજ સુધી ઘરે પરત ફર્યા ન હતા. તેમનો ફોન પણ બંધ આવતો હતો. તેથી પરિવારજનોએ ગઈકાલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ત્રણેયના ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે ગાંધીનગર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

જેના બાદ આજે શનિવારે સવારે બંને દિકરીઓની લાશ કલોલ મુખ્ય કેનાલમાંથી મળી આવી હતી.

# અમદાવાદમાં મનપા સંચાલિત 93 શાળાને લાગ્યા તાળા

## છેલ્લા 5 વર્ષમાં પડી હોય તો 20 જેટલી શાળાઓ એવી છે કે જેને છેલ્લા 5 વર્ષમાં મર્જ કરવાની ફરજ પડી હોય

**અમદાવાદ, તા.09**

વિધાર્થીઓની સંખ્યા મનપા સંચાલિત શાળામાં વધી રહી છે ત્યારે હકીકત સામે આવી છે કે, જેનાથી અવાક બની જશો કારણ કે શહેરમાં ૪૦૦ પૈકી ૯૩ શાળાને તાળા લાગી ગયા છે અને હવે એ શાળામાં મનપા આંગણવાડી શરુ કરી ૧૦૦ કરોડનો ફાયદો મેળવશે, આમ અલગ અલગ કારણોસર મનપા સંચાલિત ૯૩ શાળા બંધ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓના અભ્યાસ સાથે ચેડાં કરવામાં આવ્યા છે.

એક વકીલ દ્વારા રૈું કરવામાં આવી ત્યારે આ વાતનો ખુલાસો થયો છે કે ૯૩ જેટલી શાળા બંધ કરી દેવામાં આવી છે, જેમાં મોટા ભાગની શાળાઓ મધ્ય ઝોન એટલે કે જુના અમદાવાદમાં આવેલી શાળાઓ છે, એક તરફ



મહાનગર પાલિકા છેલ્લા ૫ વર્ષથી એવો દાવો કરતુ આવ્યું છે કે, શહેરમાં મનપા સંચાલિત શાળાઓમાં એડમિશન વધી રહ્યા છે પરંતુ ૧૦ વધારે શાળાઓ એવી છે કે જેને બંધ કરવાની ફરજ છેલ્લા ૫ વર્ષમાં પડી હોય તો ૨૦ જેટલી શાળાઓ એવી છે કે જેને છેલ્લા ૫ વર્ષમાં મર્જ કરવાની ફરજ પડી હોય.જેમાં કારણ આપવામાં આવ્યું છે કે, કા તો મકાન જર્જરિત હતું અથવા તો શાળામાં સંખ્યા ઓછી હોવાના કારણે ૨ શાળાને મર્જ કરવાની ફરજ પડી હોય તો મોટા ભાગની શાળામાં ભાડાના મકાન હતા અને જર્જરિત હોવાના કારણે બંધ કરવામાં આવ્યા હોય તો ૫૦ ટકા સ્કૂલ એવી છે જેમાં સંખ્યા સરકારના નિયમ મુજબ ના હોવાના કારણે બંધ કરવાની ફરજ પડી તો બીજી તરફ મહાનગર પાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કહી રહ્યા છે કે, ૯૩ જેટલી શાળાઓ વર્ષોથી બંધ પડી હતી જેમાં ઘણા મકાનો એવા હતા કે કોઈ સંસ્થા દ્વારા મનપાને શાળા ચલાવવા માટે દાનમાં આપવામાં આવ્યા હોય.જે ઘણા વર્ષોથી શાળા ચાલતી હતી પરંતુ એ મકાનો બંધ છે હવે એ તમામ જગ્યા પર મહાનગર પાલિકા દ્વારા આંગણવાડી ચલાવવામાં આવશે સરકાર ઘણી જગ્યાઓ પર ભાડાના મકાનમાં આંગણવાડી ચલાવે છે.

# પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું...

## આરોપ સાબિત થતા જ પ્રમુખોને DDO ઘરભેગા કરશે

**ગાંધીનગર, તા.09**

રાજ્યમાં પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. પંચાયતી રાજમાં ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા થતા ભ્રષ્ટાચારને ડામવા માટે રાજ્ય સરકારે એક નવું રાજપત્ર જાહેર કર્યું છે. જે અંતર્ગત અધિકારીઓને અભૂતપૂર્વ સત્તાઓ આપવામાં આવી છે.નવી જોગવાઈ મુજબ હવેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના કોઈપણ હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સિદ્ધ થશે, તો જિલ્લા વિકાસ અધિકારી તેમને તાત્કાલિક અસરથી ‘ઘરભેગા‘ કરી શકશે, એટલે કે પદ પરથી હટાવી શકશે.મહત્ત્વની વાત એ છે કે, ભ્રષ્ટાચારની તપાસ અને પગલાં લેવાની સંપૂર્ણ સત્તા DDO અને તેમનાથી ઉપરના અધિકારીઓને સોંપવામાં આવી છે. આનાથી તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખો જેવા ઉચ્ચ હોદ્દા પર બેઠેલા પ્રતિનિધિઓ સામે પણ નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરી શકાશે. આ નિર્ણયની સૌથી મોટી અસર એ થશે કે હવે ભ્રષ્ટાચારની ફરિયાદ કરવા માટે જટિલ પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. અધિકારીઓ માત્ર સાદી અરજી કે પછી મળેલી મૌખિક બાતમીના આધારે પણ ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી શકશે. પંચાયતી રાજના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટાયેલા હોદ્દેદારો સામે કાર્યવાહી કરવાની સીધી સત્તા અધિકારીઓને આપતું આ રાજપત્ર ભ્રષ્ટાચાર વિરુદ્ધની નીતિ સ્પષ્ટ કરે છે.

### BJPમાં આંતરિક વિખવાદ

# પાટણના પાલિકા પ્રમુખે પોતાના પક્ષ ભાજપના 6 કોર્પોરેટરને વિકાસ વિરોધી ગણાવીને તેમની સામે કાર્યવાહી કરવા માટે CMને પત્ર લખ્યો

**પાટણ, તા.09**

પાટણમાં BJPમાં આંતરિક વિખવાદની ઘટના સામે આવી છે. જેમાં પાટણમાં પાલિકા પ્રમુખે પોતાના પક્ષ ભાજપના 6 કોર્પોરેટરને વિકાસ વિરોધી ગણાવીને તેમની સામે કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. ભાજપના મહિલા પ્રમુખે આક્ષેપ કર્યા છે કે, ‘પક્ષના 6 નગરસેવકો વિકાસના કામમાં અડચણરૂપ થાય છે અને કોંગ્રેસના સભ્યો સાથે મળીને વિકાસના કામોને બહુમતિથી નામંજૂર કરાવે છે. જાહેર જનતાના હીતના કાર્યમાં પક્ષના લોકો રોડા નાંખે છે.’

મળતી માહિતી મુજબ, પાટણ નગરપાલિકાના ભાજપ પ્રમુખ હિરલ પરમારે પોતાના જ પક્ષના 6 સભ્યો સામે ગંભીર આરોપો લગાવ્યા હોવાનું સામે આવ્યું છે. વિકાસના કાર્યમાં પક્ષના લોકો વિક્ષેપ બની રહ્યા હોવા મામલે પ્રમુખે મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે અને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

હિરલ પરમારે આક્ષેપ કર્યા છે કે, ‘વર્ષ 2020થી મે પ્રમુખ પદ સંભાળ્યું ત્યારથી પક્ષના 6 નગરસેવકો પ્રજાલક્ષી વિકાસના કામોમાં અડચણરૂપ બનતા આવ્યા છે. જેમાં શૈલેષ પટેલ, મનોજ ખોડીદાસ પટેલ, મુકેશ પટેલ, મનોજ નગરભાઈ પટેલ, ડૉ. નરેશ દવે અને બીપીન પરમારનો સમાવેશ થાય છે.’ પ્રમુખે પક્ષના સભ્ય સામે આક્ષેપ કરવાની સાથે મુખ્યમંત્રીને જરૂરી પુરાવા પણ મોકલ્યા હોવાનું સામે આવ્યું છે.

મહિલા પ્રમુખે જણાવ્યું કે, ‘ગત 30 ઓક્ટોબર, 2025ના રોજ પ્રજાલક્ષી વિકાસની કામગીરીમાં આ સભ્યોએ કોંગ્રેસના 5 સભ્યોની મદદથી બહુમતિ સાથે નામંજૂર કર્યા હતા. પક્ષના સભ્યો રોડ-રસ્તા સહિતના વિકાસના કામોને મુલતવી કે નામંજૂર કરાવીને અવરોધરૂપ બને છે.’

### યુવતીએ કેમેરામાં ઘટના કેદ કરી

# બેંગલુરુમાં રેપિડો ડ્રાઇવરે યુવતીની છેડતી કરી

## રેપિડો ડ્રાઈવરે મારો પગ પકડવાની કોશિશ કરી, ના પાડી તો તેણે મારી સામે ગંદા ઈશારા કર્યા: પીડિતાનું નિવેદન

**બેંગલુરુ, તા.09**

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં મહિલાઓની સુરક્ષા પર સવાલ ઊભા કરતી શરમજનક ઘટના સામે આવી છે. શહેરમાંમાં એક બાઈક રાઈડરે રાઈડ દરમિયાન એક યુવતી સાથે અયોગ્ય વર્તન કર્યું હતું. જો કે, યુવતીએ હિંમત દાખવીને સમગ્ર ઘટના પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી અને ત્યારબાદ પોલીસને જાણ કરી. પોલીસે રાઈડર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી છે. પીડિત યુવતીએ સોશિયલ મીડિયા પર આ ઘટનાની માહિતી આપી અને બાદમાં પોલીસને પણ વિગતવાર નિવેદન આપ્યું. આ ઘટના ગુરુવારે (૬ નવેમ્બર) સાંજે લગભગ ૪ વાગ્યાની આસપાસ બની હતી. બાઈક રાઈડર



સાથે યુવતી ચર્ચ સ્ટ્રીટથી પોતાના પીજી પરત ફરી રહી હતી. રાઈડ દરમિયાન બાઈક રાઈડરે યુવતીનો પગ પકડવાનો પ્રયાસ કર્યો, જેનાથી યુવતી ગભરાઈ ગઈ. યુવતીએ રાઈડરને રોકવાનો પ્રયાસ કર્યો અને કહ્યું, ભાઈ, તું શું કરી રહ્યો છો? આવું ના કરશો? યુવતીએ રાઈડરને ઘણી વાર રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેણે પોતાનું અયોગ્ય વર્તન બંધ ન કર્યું. બાઈક રાઈડરની શરમજનક હરકતો ચાલુ રહેતાં, યુવતીએ તાત્કાલિક પોતાનો મોબાઈલ ફોન કાઢીને રાઈડરના આ વર્તનને કેમેરામાં રેકોર્ડ કરી લીધું હતું. આ વીડિયો હાલમાં પોલીસ તપાસમાં એક મહત્ત્વપૂર્ણ પુરાવો બન્યો છે. હાલ આ મામલે વિલ્સન ગાર્ડન પોલીસે યુવતીની ફરિયાદના આધારે તાત્કાલિક ફરિયાદ નોંધી છે અને બાઈક રાઈડર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### તમિલનાડુ સરકારની અરજીમાં દેશભરમાં SIRના અમલીકરણને પડકારાયો

# બંગાળમાં 3 કરોડથી વધુ SIR ફોર્મ વહેંચાયા: એન્ક્લેવ મહિલાઓના નામ રદ થવાનો ભય

**સુપ્રીમ કોર્ટ 11 નવેમ્બરથી મતદાર યાદીની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાની સુનાવણી કરવા માટે તૈયાર**

**કોલકાતા, તા.09**

વોટર લિસ્ટનું રિવીઝન (SIR) 4 નવેમ્બરના રોજ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયું. પશ્ચિમ બંગાળમાં વિરોધ છતાં બૂથ-સ્તરના અધિકારીઓએ 30.4 મિલિયનથી વધુ ફોર્મનું વિતરણ કર્યું છે. જોકે, ભૂતપૂર્વ કૂચ બિહાર એન્ક્લેવના રહેવાસીઓએ જિલ્લા વહીવટીતંત્રને લગભગ 450 મહિલાઓના નામ સુપરત કર્યા છે. તેમને ડર છે કે તેઓ 9 ડિસેમ્બરે પ્રકાશિત થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રહી શકે છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટ 11 નવેમ્બરથી મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાની સુનાવણી કરવા માટે તૈયાર છે. આ મામલો મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે. તમિલનાડુ સરકારની અરજીમાં દેશભરમાં SIR પ્રક્રિયાના અમલીકરણને પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ પહેલાથી જ બિહારમાં SIR ની માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે. પહેલા, જાણો કે એન્ક્લેવ મહિલાઓ કોણ છે ઓગસ્ટ 2015 માં 51 બાંગ્લાદેશી વિસ્તારોને ભારતીય મુખ્ય ભૂમિમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. તે વર્ષે વિસ્તાર વિનિમય પહેલાં ત્યાં રહેતી મહિલાઓનો વસ્તી ગણતરીમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો કારણ કે તેઓ પહેલાથી જ પરિણીત હતા અને દેશના વિવિધ ભાગોમાં તેમના સાસરિયાઓ સાથે રહેવા ગયા હતા. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 1974ના ભૂમિ સરહદ કરાર હેઠળ ઐતિહાસિક વિસ્તારોનું વિનિમય થયું હતું. સત્તાવાર રેકોર્ડ મુજબ ભારતીય સરહદ પર રહેતા બાંગ્લાદેશી વિસ્તારોના 15,856 રહેવાસીઓને નાગરિકતા આપવામાં આવી હતી.

### FIRમાં અજિત પવારના દીકરાનું નામ ગાયબ

# પૂણે જમીન કૌભાંડની FIRમાં અજિત પવારના દીકરાના પાર્ટનરનું નામ...

## ફડણવીસે નાગપુરમાં કહ્યુ કે જે લોકોને જાણ નથી કે FIR શુ હોય છે તે ફક્ત નિરાધાર આરોપ લગાવી રહ્યા છે

**પૂણે, તા.09**

પૂણેના મુંધવામાં ૩૦૦ એકરની સરકારી જમીનની ખરીદીના મામલે ખળભળાટ મચી ગયો છે. આ મામલે નાયબ મુખ્યમંત્રી અજિત પવારનો દીકરા પાર્થ પ્રશ્નોના ઘેરામાં છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, કોઈપણ ગુનેગારને છોડવામાં નહીં આવે. જોકે, આ મામલે દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ક્યાંય પાર્થ પવારનું નામ જ નથી. ફડણવીસે નાગપુરમાં કહ્યું કે, જે લોકોને જાણ નથી કે, FIR શું હોય છે તે ફક્ત નિરાધાર આરોપ લગાવી રહ્યા છે.



**મારા દીકરાને ખબર નહોતી કે જમીન સરકારી છે: અજિત પવાર**

જ્યારે FIR ફાઈલ થઈ ગઈ તો હવે એ સ્પષ્ટ છે કે, બધા લોકોના નામ બહાર આવશે. આ કિસ્સામાં જમીન ખરીદનાર કંપની અને તેના જવાબદાર વ્યક્તિઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. શિવસેના અને કોંગ્રેસનું કહેવું છે કે, અમાડિયા એન્ટરપ્રાઈસ એલએલપી કંપનીને ૧૮૦૦ કરોડની જમીન ફક્ત ૩૦૦ કરોડમાં વેચી દેવામાં આવી. આ સિવાય જમીન વેચવા માટે સ્ટેમ્પ ડ્યૂટી પણ વસુલવામાં નહતી આવી. આ જમીનની સ્ટેમ્પ ડ્યુટી ૨૧ કરોડ રૂપિયાની હોવી જોઈતી હતી.

### સુરક્ષાદળોને મળી મોટી સફળતા

# જમ્મુના કુપવાડામાં સુરક્ષાદળોનું ઓપરેશન: બે આતંકી ઠાર કરાયા

## આતંકવાદીઓએ સુરક્ષા કર્મચારીઓ પર વળતો ગોળીબાર કર્યા પછી એન્કાઉન્ટર શરુ કર્યુ હતુ

**શ્રીનગર, તા.09**

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાદળોએ શનિવારે સવારે જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં ઓપરેશન પિંપલ હેઠળ બે આતંકીઓને ઠાર કર્યા છે. કુપવાડાના કેરન સેક્ટરમાં આતંકીઓની હાજરીની ગુપ્ત જાણકારી મળ્યા બાદ સુરક્ષાદળોએ શુક્રવારે એક સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. ભારતીય સેનાની ચિનાર કોરે પોતાના એક્સ એકાઉન્ટ પર લખ્યું કે ૭ નવેમ્બર ૨૦૨૫ના અહીં ઘૂષણખોરીના પ્રયાસના સંબંધમાં એજન્સીઓને જાણકારી મળી હતી. આ માહિતીના આધારે, કુપવાડાના કેરન સેક્ટરમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. સતર્ક સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ અને આતંકવાદીઓને પડકાર ફેંક્યો. આતંકવાદીઓએ સૈનિકો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. આતંકવાદીઓએ સુરક્ષા કર્મચારીઓ પર વળતો ગોળીબાર કર્યા પછી એન્કાઉન્ટર શરૂ થયું. સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો, જેમાં બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા. ગોળીબાર હજુ પણ ચાલુ છે. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ હજુ થઈ શકી નથી. ચિનાર કોરે એક અન્ય પોસ્ટમાં કહ્યું કે ચાલી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અધિકારીઓ પ્રમાણે આતંકીઓની હાજરીની ગુપ્ત જાણકારી મળ્યા બાદ ભારતીય સેનાની સહાયતાથી જમ્મુ-કાશ્મીર પોલીસે છત્રૂ વિસ્તારમાં એક સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. ત્યારબાદ અથડામણ શરૂ થઈ હતી. આ સર્ચ અભિયાન વહેલી સવારે શરૂ કરવામાં આવ્યું હતું.

### ઉત્તર પ્રદેશમાં બદમાશો બેફામ બન્યા

# યુપીમાં ભાજપના નેતાની ઘરમા ઘૂસીને ગોળી મારી હત્યા કરાઈ

## મૃતકની ઓળખ 65 વર્ષીય ધરમ સિંહ કોરી તરીકે થઈ જેઓ ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ હતા

**લખનૌ, તા.09**

ભાજપના અંબેહટા મંડલ ઉપાધ્યક્ષની શુક્રવારે (૭ નવેમ્બર) મોડી રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટના બાદ વિસ્તારમાં ચકચારી મચી ગઈ છે. મૃતકની ઓળખ ૬૫ વર્ષીય ધરમ સિંહ કોરી તરીકે થઈ છે, જેઓ ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ પણ હતા. મૃતકના દીકરા અને ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ સુશીલ કોરીએ જણાવ્યું કે, તેમના પિતા ધરમ સિંહ કોરી રાત્રે સમયે ગામ ટિડૌલી સ્થિત પોતાના ઘરે સૂતા હતા. સવારે જ્યારે તેમની પત્ની સુનીતાબેને ઘરમાં જોયું તો ખાટલા પાસે લોહી વહેતું હતું. તેમણે બૂમાબૂમ કરતાં પરિવારના અન્ય સભ્યો ત્યાં દોડી આવ્યા અને જોયું તો ધરમ સિંહ કોરીના માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકના મોટા દીકરાએ જણાવ્યું કે, રાત્રે લગભગ ૨:૦૦ વાગ્યે તેમને શ્વાનના ભસવાનો અવાજ અને ફટાકડા જેવો અવાજ આવ્યો હતો. ગામમાં તે સમયે બે લગ્ન હોવાથી આતિશબાજી થઈ રહી હશે એમ સમજીને પરિવારજનો ઘરમાં જ સૂતા રહ્યા હતા. સવારે ઘરે પહોંચ્યા બાદ હત્યાની ઘટનાની જાણ થઈ. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

### આ લિસ્ટમાં દાઉદ ઇબ્રાહીમના અનેક નામ

# ટોપ 20 આતંકીઓનું હિટ લિસ્ટ ભારતીય એજન્સીઓએ બહાર પાડ્યુ

## ભારતીય સુરક્ષા એજન્સીઓની યાદીમાં પહેલુ નામ મસૂદ અઝહરનુ છે જેના પણ ત્રણ નામ છે

**નવી દિલ્હી, તા.09**

મુંબઈ બોમ્બ વિસ્ફોટ બાદ દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાન ભાગી ગયો હતો. જોકે, અનેકવાર ભારતીય સુરક્ષા એજન્સીઓના હાથમાં આવતા-આવતા તે છટકી ગયો છે. ભારતીય એજન્સીઓને ચકમો આપવા માટે તે પોતાનું નામ સતત બદલતો રહે છે અને હાલમાં તે પાકિસ્તાનમાં ISI અને સેનાની દેખરેખ હેઠળ છે. આતંકવાદીઓની યાદીમાં ભારતીય એજન્સીઓએ તેને ચોથા ક્રમે રાખ્યો છે. ભારતીય એજન્સીઓના જણાવ્યા મુજબ, દાઉદ સતત પોતાનું નામ બદલતો રહે છે. આ કારણોસર, તેના ઘણા નામો આતંકવાદીઓની યાદીમાં સામેલ છે. જેમ કે: દાઉદ ઈબ્રાહીમ કાસકર, દાઉદ હસન શેખ કાસકર, દાઉદ ભાઈ, દાઉદ સબરી, ઈકબાલ શેઠ, બાબા પટેલ, દાઉદ ઈબ્રાહીમ, શેખ દાઉદ હસન, અબ્દુલ હમીદ અબ્દુલ અઝીઝ,



અનીસ ઈબ્રાહીમ, અઝીઝ દિલીપ, દાઉદ હસન શેખ ઈબ્રાહીમ કાસકર, દાઉદ ઈબ્રાહીમ મેમણ કાસકર, દાઉદ હસન ઈબ્રાહીમ કાસકર, દાઉદ ઈબ્રાહીમ મેમણ, કાસકર દાઉદ હસન, શેખ મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ રહેમાન, દાઉદ હસન શેખ ઈબ્રાહીમ, દાઉદ ભાઈ લો ક્વોલિટી, ઈબ્રાહીમ શેખ મોહમ્મદ અનીસ, શેખ ઈસ્માઈલ અબ્દુલ, શેખ ફારૂકી, અને ઈકબાલ ભાઈ. ભારતીય સુરક્ષા એજન્સીઓની આ યાદીમાં પહેલું નામ મસૂદ અઝહરનું છે, જેના પણ ત્રણ નામ છે.

### ભાજપના કદાવર નેતા રાજનાથ સિંહની સ્પષ્ટતા

# ચૂંટણી બાદ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર બનશે

## તેમણે દાવો કર્યો હતો કે આ ચૂંટણીમાં NDA બિહારની 243 બેઠકોમાંથી 160થી વધુ બેઠકો પર જીત મેળવશે

**પટણા, તા.09**

પટણા બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં NDAના મુખ્યમંત્રી પદના ચહેરાને લઈને ઊભા થઈ રહેલા સવાલો વચ્ચે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે તમામ ગૂંચવણો દૂર કરી દીધી છે. શુક્રવારે (૭ નવેમ્બર) રાજનાથ સિંહે સ્પષ્ટતા કરી કે, ચૂંટણી પછી પણ નીતિશ કુમાર જ બિહારના મુખ્યમંત્રી બનશે.

તેમણે દાવો કર્યો હતો કે, આ ચૂંટણીમાં NDA બિહારની ૨૪૩ બેઠકોમાંથી ૧૬૦થી વધુ બેઠકો પર જીત મેળવશે. ઉલ્લેખનીય છે કે, મહાગઠબંધન દ્વારા તેજસ્વી યાદવને મુખ્યમંત્રી ઉમેદવાર જાહેર કર્યા બાદ વિપક્ષ **NDA**ના મુખ્યમંત્રીના ચહેરાની સત્તાવાર જાહેરાત માટે સતત માંગ કરી રહ્યો હતો. એક ઈન્ટરવ્યુમાં રાજનાથ સિંહે મુખ્યમંત્રીના ચહેરાના સવાલનો જવાબ આપતા કહ્યું કે, NDA નીતિશ કુમારના નેતૃત્વમાં જ ચૂંટણી લડી રહ્યું છે. સ્વાભાવિક છે કે ચૂંટણી પછી પણ તેઓ જ મુખ્યમંત્રી હશે. દ્વઢ્ઢછની રેલીઓમાં જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તેના પરથી નિશ્ચિતપણે લાગે છે કે ગઠબંધનને બે-તૃતિયાંશ બહુમતી મળશે. મહિલાઓને વિશ્વાસ છે કે નીતિશ કુમારના શાસનમાં (RJDના શાસનથી વિપરીત) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે છે. ભાજપ અને ચિરાગ પાસવાનના પક્ષ LJP (રામવિલાસ)માંથી એક-એક



નાયબ મુખ્યમંત્રી હશે તેવા અટકળો પર તેમણે કહ્યું કે, ભવિષ્યમાં જે કંઈ પણ નક્કી થશે, તે સર્વસંમતિથી નક્કી કરવામાં આવશે. તેમજ તેમણે કહ્યું કે, ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત બિહાર ચૂંટણી પછી થઈ શકે છે. આ સિવાય રાજનાથ સિંહે બિહારની ચૂંટણીમાં પ્રશાંત કિશોરના 'જન સુરાજ' પક્ષના પ્રભાવને નકાર્યો અને દાવો કર્યો કે આ પક્ષ એક પણ બેઠક જીતી શકશે નહીં.

# ભાજપને બિહારની ચૂંટણી પછી નવા અધ્યક્ષ મળશે: રાજનાથ

## RSS ભાજપના રાજકીય બાબતમાં દખલ કરતુ નથી

બિહાર ચૂંટણીઓ વચ્ચે, રક્ષા મંત્રી રાજનાથ સિંહે ભારતીય જનતા પાર્ટી (BJP)ના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સંબંધિત પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે બિહાર ચૂંટણીઓ પછી જાહેરાત કરવામાં આવશે. તેમણે એ વાતનો પણ સ્પષ્ટ ઈનકાર કર્યો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે ભાજપ અધ્યક્ષ પદ અંગે કોઈ મતભેદ છે. એક મુલાકાત દરમિયાન, રાજનાથ સિંહે જણાવ્યું હતું કે RSS ક્યારેય ભાજપના રાજકીય બાબતોમાં દખલ કરતું નથી. શુક્રવારે આ જ મુલાકાત દરમિયાન, રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૧૬૦ થી વધુ બેઠકો જીતશે અને નીતિશ કુમાર સ્વાભાવિક રીતે મુખ્યમંત્રી બનશે, કારણ કે NDA તેમના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડી રહ્યું છે.

## તંત્રી લેખ

# ડિજીટલ એરેસ્ટ રાષ્ટ્ર માટે ખતરો

## બે વર્ષમાં પ્રજાના 2500 કરોડ ડુબ્યા

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સાયબર ફ્રોડ કરનારાઓને નાથવા કરેલા પ્રયાસોને કોઇ ખાસ પ્રતિભાવ મળતો હોય એમ લાગતું નથી. સરકાર અને સાયબર પોલીસતંત્ર પણ લોકોને જાગૃત કરવાના પ્રયાસો કરે છે પરંતુ ફ્રોડ કરનારા વારંવાર ચતુર સાબિત થઇ રહ્યા છે. આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરીને સાયબર ફ્રોડ કરનારાને પકડવા માટેનું આયોજન કરાય તે પહેલાંતો AIનો ઉપયોગ કરીને ફ્રોડ કરનારાઓએ અનેકને લૂંટી લીધા હતા. રિઝર્વ બેંકના પ્રયાસોમાં ડિજીટલ પેમેન્ટ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મનો (DPIP) સમાવેશ થાય છે પરંતુ તેના કારણે ડિજીટલ એરેસ્ટ જેવી છેતરપીંડીમાં કોઈ ફરક પડયો હોય એમ લાગતું નથી. છાશવારે દેશના જુદા જુદા શહેરોમાં ડિજીટલ એરેસ્ટના નામે લોકો લૂંટાતા રહે છે. દેશની બેંકોને સૂટના આપવામાં આવી છે કે કોઈના ખાતામાંથી મોટી હેરફારી થાય તો ખાતેદારને તરતજ ચેતવણી આપવી. જોકે બેંકો સાયબર ફ્રોડ બાબતે ગ્રાહકોને ચેતવવામાં કોઈ ખાસ રસ બતાવતી હોય એમ લાગતું નથી. બેંકો ધારે તો કડક પગલાં લઈ શકે છે. ભૂતિયા ખાતા ખોલાવતા લોકોએ કોની ઓળખાણથી ખાતા ખોલાવ્યા હતા તેમને પકડી લાવે કે તેમનો સંપર્ક કરીને ગુનેગારની વિગત મેળવી શકે છે. પોલીસ તંત્રજે ગાડિલાનિ આપે છે તે અનુસાર પણ બેંકો કામ કરતી નથી. સાયબરફ્રોડ કરનારા જ્યારે શિડયુલ બેંકના ખાતામાં પૈસા જમા કરવાનું કહે છે ત્યારે લોકોને તેમાં કૌભાંડની કોઇ ગંધ નથી આવતી. છેતરપીંડી કરનારા જેવા બંકમાં પૈસા જમા આવે છેકે તરતજ તેને અન્ય ખાતામાં શિફ્ટ કરાવી દે છે. છેલ્લા બે વર્ષમાં ડિજીટલ એરેસ્ટમાં પ્રજાના ૨૫૦૦ કરોડ રૂપિયા ધોવાઇ ગયા છે. ડિજીટલ એરેસ્ટ કોણ કરે છે કેવીરીતે થાય છે વગેરે બાબતે હવે પ્રજા સમજવા લાગી છે. સાયબર પોલીસ સતર્ક ભલે હોય પણ ફ્રોડ કરનારા સતત નવી ટ્રીક્સ અજમાવતા હોય છે.

ફ્રોડ કરનારાઓની ચતુરાઈ સામે સાયબર પોલીસ થાપ ખાઇ જાય છે. ડિજીટલ એરેસ્ટ થનારાની આપવિતી સાંભળવા જેવી હોય છે. તે લોકો તેમના શિકારને ધમકાવે પણ છે અને તેનું સમાધાન પણ બતાવે છે. સમાધાનમાં તેમને પૈસા ચૂકવવાનું કહેવાય છે તેમજ સમાધાનની વાત કોઈને કહેવી નહીં તેવી શરત પણ મુકે છે. બેંકોની ભૂમિકા સતત શંકાસ્પદ રહી છે. બેંકો ત્વરીત પગલાં લેતી નથી, સેવિંગ્સ ખાતામાં થઇ રહેલી મોટી ઉથલ પાથલ પાછળ પણ ધ્યાન નથી અપાતું કે સિનિયર સિટીઝનોને કોઇ ગાઇડ લાઈન્સ પણ નથી અપાતી. એકાદ બે કૌભાંડ થાય તે તો ઠીક છે પણ હવે ડિજીટલ એરેસ્ટના કૌભાંડોની લાંબી વણજાર જોવા મળે છે. નથી સાયબર પોલીસ બ્રેક મારી શકતી કે નથી બેંકોમાં અગમચેતીના પગલાં લઇ શકતી. સિનિયર સિટિઝનોને ખંખેરી લેવાય ત્યારે આઘાત લાગે છે કેમકે તેમની પરસેવાની કમાણીમાંથી બચત કરીને બેંકમાં રાખી હોય છે. ગુરૂગ્રામની એક મહિલાની આપવીતી એવી છે કે તેની ડિજીટલ એરેસ્ટ કરીને ૫.૯૫ કરોડ બેંકના ખાતામાંથી આંચકી લેવાયા હતા. તેણે કહ્યું કે મારા ખાતામાંથી આટલી મોટી રકમ ઉપાડી હોવા છતાં બેંકે મને કોઇ ચેતવણી આપી નહોતી.તેણે કહ્યું હતું કે મારી સમાન્ય રીતે વિથ્ડ્રો કરવાની લિમિટ કરતાં ૨૦૦ ગણા પૈસા મેં ટ્રાન્સફર કરાવ્યા છતાં બેંકે મને ચેતવી નહોતી. આગળ લખ્યું છે.

# યુરોપીયન દેશોની પેલેસ્ટાઈનને માન્યતા : ભેંસ ભાગોળે ને છાશ છાગોળે

### યુએનમાં 150 દેશોના પ્રયાસ અને માન્યતા બાદ પણ જે પેલેસ્ટાઈનને અલગ દેશની માન્યતા નથી મળી તેને અચાનક યુરોપ અને અમેરિકાના કેટલાક મિત્ર દેશોની માન્યતાથી શું ફરક પડવાનો છે : પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપવા માટે પહેલાં તો ગાઝા પટ્ટી અને વેસ્ટ બેન્કને એક કરવા પડે. બંને ભેગા થાય પછી જ પેલેસ્ટાઈન કહી શકાય. આ બધાની વચ્ચે પૂર્વ જેરુસલેમનો પણ કેટલોક ભાગ છે

અમેરિકન અને યુરોપિયન મિત્ર દેશો દ્વારા તાજેતરમાં પેલેસ્ટાઈનને અલગ અને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપવામાં આવી છે. આ દેશોને અચાનક પેલેસ્ટાઈન પ્રેમ કેમ ઊભરી આવ્યો તેના પાછળ તો ઘણા કારણ જવાબદાર છે પણ અત્યારે જે થઈ રહ્યું છે તેની પણ સમજવું અને ગળે ઉતરવું થોડું અઘરું છે. આ દેશો એવું માને છે કે, તેમણે પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપી અને તેનું સમર્થન કર્યું તેના થકી યુએનમાં આ ઠરાવને વધારે મજબૂત બનાવી શકાશે અને તેને ઝડપી માન્યતા અપાવી શકાશે. આમ જોવા જઈએ તો દાયકાઓથી પેલેસ્ટાઈનની સ્વતંત્રતા અને તેની માન્યતા અંગે વિવાદ અને સંઘર્ષ ચાલી રહ્યા છે. ૧૯૪૮માં ઈઝરાયેલનું નિર્માણ થયું હતું. ઈઝરાયેલે પોતાના સ્વતંત્ર દેશ જાહેર કર્યો અને અમેરિકાએ ત્યારે તેને માન્યતા પણ આપી દીધી હતી. ત્યારબાદથી ગાઝાપટ્ટી અને આસપાસના તમામ પ્રદેશમાં ઉથલપાથલ ચાલી રહી છે. યુએનમાં ઘણા વર્ષોથી પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશની માન્યતા મળે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિચારવા જેવી બાબત એ છે કે, યુએનમાં ૧૫૦ દેશોના પ્રયાસ અને માન્યતા બાદ પણ જે પેલેસ્ટાઈનને અલગ દેશની માન્યતા નથી મળી તેને અચાનક યુરોપ અને અમેરિકાના કેટલાક મિત્ર દેશોની માન્યતાથી શું ફરક પડવાનો છે. ઈઝરાયેલે આઝાદ થયા પછી ગાઝા પટ્ટી અને પશ્ચિમી કિનારા ઉપરના વિવાદને યથાવત રહેવા દીધો અને તેણે ક્યારેય પેલેસ્ટાઈનને અલગ સ્વતંત્ર દેશ બનવા દીધો જ નહીં. તેણે તમામ તાકાત લગાવીને ત્યાં સંઘર્ષ ચાલુ રહેવા દીધો.મહત્ત્વનું એ છે કે, પેલેસ્ટાઈનનો મુદ્દો તેની જાતે જ એટલો વિકટ છે કે તે પોતે ઉકેલી શકે તેમ નથી. વેસ્ટ બેન્ક વિસ્તારમાં ફતેહનું શાસન છે. ત્યાં ફતેહની આગેવાનીમાં પેલેસ્ટાઈનની સરકાર ચાલે છે. છેલ્લાં ૩૭ વર્ષથી અહીંયા સરકાર ચાલે છે. તેની આગેવાનીમાં અહીંયા કોઈ હિંસાનો ઈતિહાસ રહ્યો નથી. પેલેસ્ટાઈનનો બીજો ભાગ જેને ગાઝા પટ્ટી કહે છે તેના ઉપર ૨૦૦૭માં હમાસ દ્વારા કબજો કરવામાં આવ્યો હતો. તેઓ ત્યારથી ગાઝા પટ્ટીમાં પોતાનું શાસન ચલાવવા લાગ્યા હતા. પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપવા માટે પહેલાં તો ગાઝા પટ્ટી અને વેસ્ટ બેન્કને એક કરવા પડે. બંને વિસ્તાર ભેગા થાય પછી જ તે પેલેસ્ટાઈન કહી શકાય તેમ છે. આ બધાની વચ્ચે પૂર્વ જેરુસલેમનો પણ કેટલોક ભાગ છે જે તેમાં આવે છે. તેના ઉપર પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ બંને પોતાની માલિકીના દાવા કરે છે.



ગાઝાની વાત કરીએ તો, છેલ્લાં ત્રણ વર્ષથી ઈઝરાયેલે ત્યાં હમાસ સામે યુદ્ધ શરૂ કરી દીધું છે. હવે ગાઝા શહેર ખાલી કરાવવામાં આવી રહ્યું છે. આ સમગ્ર વિસ્તારને ધ્વસ્ત કરીને તેની ઓળખનો જ નાશ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગાઝામાં પાંચ લાખ લોકો રહેતા હતા જેમની જિંદગી સાવ વેરવિખેર થઈ ગઈ છે. તેમને બે ટંક ભોજન માટે પણ વલખાં મારવા પડે છે. તેમને યોગ્ય સારવાર મળતી નથી. તેમણે ઘર છોડીને વારંવાર ભાગવું પડે છે. થોડા સમય પહેલાં આવેલા અનુમાને તો જણાવ્યું કે, સમગ્ર પેલેસ્ટાઈનમાં ૨૦ લાખ લોકો અસરગ્રસ્ત છે. તેમાંથી ૬૫,૦૦૦ લોકોનાં તો આ સ્થિતિમાં મોત થયા છે. દુનિયાના મોટાભાગના દેશો ઈઝરાયેલને શાંત રહેવા અને ગાઝામાં જે ચાલી રહ્યું છે તેને અટકાવી દેવા ઈઝરાયેલના પ્રમુખ નેતન્યાહુને અપીલ કરી રહ્યા છે. તેઓ આ અપીલ સાંભળવા કે સ્વીકારવા તૈયાર જ નથી. અમેરિકા મૂક દર્શક બનીને જોઈ રહ્યું છે, જાણે કે તે ઈઝરાયેલના મૂક સમર્થન આપી રહ્યું છે. તેની ભૂમિકા અંગે પણ વૈશ્વિક સવાલો ચર્ચામાં આવ્યા છે. નવાઈની વાત એવી છે કે, તાજેતરમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને પોર્ટુગલે પેલેસ્ટાઈનને માન્યતા આપી છે. થોડા વખત પહેલાં બેલ્જિયમ, ફ્રાન્સ અને કેટલાક યુરોપિયન દેશોએ પેલેસ્ટાઈનને માન્યતા આપી હતી. આ બધું જ થવા છતાં પેલેસ્ટાઈન હજી સ્વતંત્ર દેશ બની શક્યો નથી. સૂત્રોમાં ચર્ચા જામી છે કે, અમેરિકાના મિત્ર દેશો દ્વારા એકાએક શા માટે પેલેસ્ટાઈનને માન્યતા આપવામાં આવી. આમ જોવા જઈએ તો પગલું અમેરિકા અને ઈઝરાયેલની વિરુદ્ધ માની શકાય તેવું છે છતાં હાલમાં કોઈ વિવાદ ઊભો થયો નથી. આમ તો, પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપવાની જાહેરાત એક પ્રતિકાત્મક પગલું છે, ખાસ કરીને ગાઝા શહેરમાં જે નરસંહાર થયો છે અને થવાની જે શક્યતા છે તેને રોકવા માટે આ પ્રયાસ કરાઈ રહ્યો છે. પેલેસ્ટાઈનને માન્યતા આપવા માગતા દેશો ઈચ્છે છે કે, આ વિસ્તારમાં સ્થાયી સમાધાન નીકળે અને હિંસા તથા તણાવ ઓછા થાય અને લોકો ભયમુક્ત જીવન જીવી શકે. પેલેસ્ટાઈનને માન્યતા આપવી વધી રહેલી ડિમાન્ડ હકિકતે યુએનની મહાસભાની બેઠક યોજાવાની પહેલા શરૂ થઈ હતી. હમાસ સામેના ઈઝરાયેલના યુદ્ધમાં ત્યાંના સ્થાનિક નિર્દોષ લોકો ફસાઈ ગયા છે અને તેમના જીવને જોખમ આવી ગયું છે. તેમની પાસે બે ટંક ખાવાની પણ વ્યવસ્થા નથી.

ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલ સામેનું યુદ્ધ તો હમાસ દ્વારા ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે સાઉથ ઈઝરાયેલ ઉપર અચાનક હુમલો કર્યો અને બંને વચ્ચે યુદ્ધ શરૂ થયું. ઈઝરાયેલે હમાસનો સફાયો જ કરવાનું નક્કી કરી લીધું. ઈઝરાયેલા પોતાના આ અભિયાનમાં ગાઝાનો એક આખો વિસ્તાર નષ્ટ કરી દીધો. તેના પગલે લાખો લોકો બેઘર થઈ ગયા. લોકો ભુખમરાની સ્થિતિમાં આવી ગયા. આમથી તેમ રઝળવા માટે મજબૂર થઈ ગયા. ઓગસ્ટમાં યુએન સમર્થિત સંસ્થાઓ જાહેરાત કરવી પડી હતી કે, ગાઝામાં અને તેની આસપાસમાં સંપૂર્ણ રીતે માનવસર્જિત દુષ્કાળ પડયો છે અને ભુખમરો ફેલાઈ રહ્યો છે. એક અહેવાલ કહે છે કે, ૨૦ લાખની વસતી ધરાવતા આ વિસ્તારમાં યુદ્ધ અને ભુખમરાના કારણે ૬૦ હજારથી વધુ લોકોનાં મોત થયા છે. યુરોપીયન દેશો ઈચ્છે છે કે, હવે આ નરસંહાર, સંઘર્ષની સ્થિતિ અટકે અને નક્કર સમાધાન નીકળે જેથી બાકીની માનવજાતને બચાવી શકાય. ઘણા દેશોની પ્રજા દ્વારા આંતરિક ધોરણે તેમની સરકાર ઉપર દબાણ વધારવામાં આવી રહ્યું છે કે, તેઓ ઈઝરાયેલને દબાવવા માટે અને ગાઝા તથા પેલેસ્ટાઈનને બચાવવા માટે નક્કર પગલાં ભરે અથવા તો આંતરરાષ્ટ્રીય દબાણ ઊભું કરે. તેના કારણે પણ આ તમામ દેશો એકાએક ઈઝરાયેલની ટીકા કરવા લાગ્યા છે. આ દબાણમાં આવીને આ દેશોએ પેલેસ્ટાઈનને માન્યતા આપવાનો નિર્ણય લીધો હોય તેવું લાગી રહ્યું છે. જાણકારો માને છે કે, આ દેશોની સ્થાનિક સ્થિતિ એવી છે કે, તેમણે આ મુદ્દે કોઈ પગલાં લેવા પડે તેમ હતા. ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશોમાં જ્યાં યહુદીઓની સંખ્યા કરતા મુસ્લિમોની સંખ્યા અનેક ઘણી વધારે છે ત્યાં પેલેસ્ટાઈનને માન્યતા આપવી તે માત્ર વિદેશનીતિ જ નહીં પણ આંતરિક નીતિનો પણ ભાગ હોઈ શકે છે. વર્તમાન સરકાર આ પગલાં દ્વારા મુસ્લિમોને આકર્ષવા માગે છે અને પોતાની વોટબેન્ક મજબૂત કરવા માગે છે તેવો પણ અર્થ સરે છે. અમેરિકા દ્વારા વિવિધ દેશોના આ પગલાની ટીકા કરવામાં આવી છે.

# અમેરિકન શટડાઉન : ટ્રમ્પનો હઠાગ્રહ કરોડો અમેરિકોને રડાવી રહ્યો છે....

અમેરિકામાં શટડાઉનને એક મહિનો પૂરો થઈ ગયો. અંદાજે ૪૦ દિવસ થયા ત્યાં તો અમેરિકાની હાલત ખરાબ થવા લાગી છે. અમેરિકન ઈતિહાસનું આ સૌથી લાંબુ શટડાઉન છે. અમેરિકન સંસદમાં સરકારી વિભાગો ચલાવવા માટે સમયસર બજેટ રજૂ કરીને પસાર ન કરાવી શકનાર ટ્રમ્પ સરકારને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. ટ્રમ્પના તઘલખી નિર્ણયો અને આડોડાઈ હવે ત્યાંની પ્રજાને જ કનડી રહી છે. અમેરિકી કાયદા પ્રમાણે બિલ પસાર ન થાય તો બિન જરૂરી તમામ સરકારી વિભાગો અને સેવાઓ બંધ કરી દેવી પડે છે. ટ્રમ્પ સરકારની અક્ષમતાને પગલે છેલ્લાં ૪૦ દિવસથી લાખો કર્મચારીઓ ઘરે બેઠા છે. જરૂરીયાતમંદ લોકોને ભોજન અને સરકારી સહાય મળતા નથી અને બીજી ઘણી સેવાઓ ખોરવાઈ ગઈ છે.

શટડાઉન હકિકતે તો એક પોલિટિકલ ડેડલોકની સ્થિતિ છે. અમેરિકામાં સરકાર અને વિપક્ષ વચ્ચે જ્યારે પણ ફંડિંગ બિલ વચ્ચે સમહતી સધાતી નથી ત્યારે શટડાઉનની સ્થિતિ આવે છે. અમેરિકામાં અલગ અલગ સરકારી વિભાગો ચલાવવા માટે મોટી સંખ્યામાં ફંડની જરૂર પડે છે. હાલમાં રિપબ્લિકન્સ અને ડેમોક્રેટ વચ્ચે સરકારી ખર્ચા આપતા આ ફંડિંગ બિલ અંગે સહમતી સધાઈ નથી. તેના કારણે બિલને કાયદાનું સ્વરૂપ અપાયું નહીં અને સરકારી ખર્ચા જાહેર થયા નહીં. તેના પગલે શટડાઉનની સ્થિતિ કથળી રહી છે.

જાણકારોના મતે, હાલમાં રિપબ્લિકન્સ અને ડેમોક્રેટ્સ વચ્ચે ઘણા મુદ્દે વિવાદ ચાલે છે. તેમાં પણ આ ફંડિંગ બિલની વાત કરીએ તો તેમાં સ્વાસ્થ્ય વીમા અને તેની સાથે જોડાયેલી ટેક્સ ક્રેડિટ સ્કીમનો વિસ્તાર કરવાનો વિવાદ છે.

ડેમોક્રેટિક પાર્ટી આ યોજનાને ચાલુ રાખવા માગે છે જેથી લાખો અમેરિકનોને સસ્તા દરે હેલ્થ ઈન્સ્યોરન્સ મળી શકે. બીજી તરફ રિપબ્લિકન પાર્ટી એટલે કે સત્તાધારી પાર્ટી તેનો વિરોધ કરી રહી છે. ટ્રમ્પ સરકારમાં આ બીજી વખત બની રહ્યું છે કે, કોઈ મોટા મુદ્દે આટલા લાંબા સમય સુધી શટડાઉનની સ્થિતિ ચાલુ રહી હોય. આ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પના જ કાર્યકાળમાં ૨૦૧૮-૧૯માં ટ્રમ્પે મેક્સિકો સરહદે દીવાલ બનાવવા માટે સરકારી ફંડના ઉપયોગની વાત કરી હતી. તે સમયે ડેમોક્રેટ્સ દ્વારા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. તેના પગલે બંને પક્ષો સામસામે થઈ ગયા હતા અને ૩૫ દિવસ શટડાઉન ચાલ્યું હતું.

જાણકારોના મતે શટડાઉનનું કારણ ભલે રાજકીય હોય પણ તેની અસર સામાન્ય પ્રજાને પડી રહી છે અને નડી રહી છે.

સરકારી કર્મચારીઓ અને નાગરીકોમાં હાહાકાર મચી ગયો છે. લોકોને પૈસા અને ભોજનની અછતમાં જીવન પસાર કરવું પડી રહ્યું છે. એક અહેવાલ પ્રમાણે અંદાજે ૭.૩૦ લાખ જેટલા સરકારી કર્મચારીઓ જેમની સેવાઓની જરૂર છે તેમને વગર પગારે હાલમાં ફરજ ઉપર હાજર રખાયેલા છે. બીજી તરફ ૭.૫૦ લાખ




જેટલા સરકારી કર્મચારીઓ જેમની સેવાની હાલ જરૂર નથી તેમને ફરજીયાત કપાત પગારથી રજા ઉપર ઉતારી દેવાયા છે. લાખો કર્મચારીઓ પગાર ન મળવાના કારણે આર્થિક સંકટમાં આવી ગયા છે.

એક અહેવાલ પ્રમાણે દરરોજ લાખો લોકો ફૂટ બેન્ક ઉપર આધાર રાખતા હતા જેની સંખ્યા હવે કરોડોમાં પહોંચી છે. હાલમાં ૪ કરોડ કરતા વધારે લોકો દર મહિને સરકારી ફૂડ સ્ટેમ્પ યોજના ઉપર આધાર રાખતા થઈ ગયા છે. તેમાં પણ સ્થિતિ એવી આવી છે કે, આ સરકારી ફૂટ સ્ટેમ્પ યોજનાનું પણ ફંડ અને સપ્લાય ઘટયા છે. તેના કારણે આ યોજના પણ બંધ થવા આવી છે. જો ખરેખર આ યોજના બંધ થઈ જશે તો કરોડો લોકો ભુખમરાનાં ઉંબરે આવી જશે.

ફાઈનાન્સિયલ એક્સપર્ટ્સના મતે હાલમાં અમેરિકામાં જે સ્થિતિ સર્જાઈ છે તે તેના અર્થતંત્ર માટે જોખમી છે. તેના દ્વારા અમેરિકન અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન ગયું છે અને આગળ પણ જઈ શકે છે. તે ઉપરાંત દેશના જીડીપીમાં પણ ઘટાડો આવી શકે છે. બિન જરૂરી તમામ સરકારી સેવાઓ, કચેરીઓ અને સરકારી સાહસો બંધ થઈ જવાના કારણે સરકારની આવક અને શાખ બંનેમાં ઘટાડો થઈ શકે છે.

શટડાઉનની સીધી અસર જીડીપી ઉપર પડી છે. કોંગ્રસનલ બજેટ ઓફિસના એક અહેવાલ પ્રમાણે ૨૦૧૮-૧૯માં જ્યારે અમેરિકામાં ૩૫ દિવસ શટડાઉન રહ્યું હતું ત્યારે અમેરિકન જીડીપીને ૧૧ અબજ ડોલરનો ફટકો પડયો હતો. જાણકારોના મતે વર્તમાન સમયમાં પણ શટડાઉનને ૪૦ દિવસ તો પૂરા થઈ ગયા છે. હજી જો તેનો ઉકેલ નહીં આવે તો અંદાજે ૧૫ થી ૧૭ અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે. દર અઠવાડીયે અબજો ડોલરનું નુકસાન એકંદરે જીડીપીને મોટી અસર કરશે.

શટડાઉનના કારણે સરકારી કર્મચારીઓને અસર થઈ છે તે પણ જોખમી છે. આ ઉપરાંત કન્યુમર ખર્ચને અસર થવાની છે. એકંદરે કામકાજ ઠપ થવાથી લોકોની ખરીદ શક્તિ ઘટવાની છે અને તેની અસર બજાર ઉપર પડવાની છે. હાલમાં ૭.૩૦ લાખ કર્મચારીઓ વેતન વગર કામ કરી રહ્યા છે જ્યારે બાકીના ૭.૫૦ લાખ કર્મચારીઓને કપાત પગારે રજા ઉપર ઉતારી દેવાયા છે. આ કર્મચારીઓનો જ અટવાયેલો પગાર તેમના દૈનિક ખર્ચ અને જીવનધોરણને અસર કરવાનો છે. તેના કારણે તેમનો ગ્રાહક તરીકેનો ખર્ચ ઘટી જવાનો છે.

# ચીનના સર્વાધિકારવાદી શાસક માઓની વણકથી વાતો

## માઓના પિતા યી-ચાન્ગનું 15 વર્ષની વયે 18 વર્ષની યુવતી સાથે લગ્ન થયું હતું

વિશ્વના મોટાભાગના ઈતિહાસકારો માઓ-ત્સે-તુન્ગને સંપૂર્ણપણે એકહથ્થુ સરમુખત્યાર તરીકે મુલવે છે. ગુજરાતીમાં જેને સર્વાધિકારવાદ કહે છે, તેને અંગ્રેજીમાં Totalitarianism કહેવાય છે.

આ સર્વાધિકારવાદમાં એવા પ્રકારની સરકાર હોય છે, જેમાં શાસક સંપૂર્ણ સરમુખત્યાર હોય છે. આવી સરકાર માટે સરમુખત્યારશાહી, તાનાશાહી, નિરંકુશતા, એકહથ્થુ શાસન જેવા શબ્દ પ્રયોગ પણ વપરાય છે. પોલિટિકલ સાયન્સ વિષયમાં સર્વાધિકારવાદ એ સરમુખત્યાર-શાહીનું આત્યંતિક સ્વરૂપ છે.

પૂર્ણપણે સરમુખત્યાર શાસકની મહત્વાકાંક્ષા આખા વિશ્વ પર પોતાનું પ્રભુત્વ સ્થાપવાની હોય છે. ચીનના માઓ આ પ્રકારના શાસક હતા.

Totalitarianism એક એવા પ્રકારની સરકાર હોય છે, જેમાં એક હથ્થુ શાસક નાગરિકોના કેવળ જાહેર જીવનના જ નહીં, કિંતુ, તેમના અંગત જીવનના પણ લગભગ દરેક પાસાઓ પર નિયંત્રણ જમાવી દેવાની તીવ્ર લાલસા ધરાવતા હોય છે. ચીનમાં માઓના એકહથ્થુ શાસનના કેટલાક પાસાઓ તેમની બેહદ મહત્વાકાંક્ષાનો પડઘો પાડતા હતા...

(૧) સરમુખત્યારશાહી સત્તા-ચીનના સામ્યવાદી પક્ષના ચેરમેન તરીકે સંપૂર્ણ સત્તા તેમણે પોતે હસ્તગત કરી લીધી હતી. ઘણી વખત પક્ષના સિનિયર સાથીદારોના વ્યાજબી સૂચનો પણ માઓ ફગાવી દેતા હતા.

(૨) ટોટાલિસ્ટ આઈડિયોલોજી-સર્વાધિકારવાદી વિચારધારા દર્શાવે છે કે સરકાર અથવા શાસક પક્ષને તમામ અધિકારો છે અને તે દેશના લોકોના જીવનના દરેક ક્ષેત્ર પર નિયંત્રણ ધરાવે છે. માઓની વિચારધારા, જે હવે માઓવાદ તરીકે ઓળખાય છે, તેમાં આખા સમાજનું ઘડતર સંપૂર્ણરીતે બદલી નાંખી, એક નવા જ પ્રકારના પૂર્ણપણે આજ્ઞાંકિત નાગરિકોનું સર્જન કરવાનો અભિગમ રખાયો હતો.

(૩) પોલિટિકલ ટેરર (રાજકીય અત્યાચાર)- માઓના શાસનમાં રાજકીય ઝુંબેશો દ્વારા નાગરિકો પર ખાસ કરીને વિરોધીઓ પર અવારનવાર ભયંકર જુલમ ગુજારાતો હતો. ચીનમાં કલ્ચરલ રિવોલ્યૂશનના નામે લાખ્ખો લોકોની સતામણી કરાઈ હતી.

(૪) ઈકોનોમિક કન્ટ્રોલ-માઓની સરકારે દેશના અર્થતંત્રના કૃષિક્ષેત્ર સહિતના તમામ પાસાઓ પર પુરેપુરો કબ્જો જમાવી દીધો હતો. ૧૯૫૮ થી ૧૯૬૨ના વર્ષો દરમિયાન માઓએ ચીનને કૃષિ સમાજમાંથી ઔદ્યોગિક સમાજમાં પરિવર્તિત કરવા માટે એક મોટું અભિયાન ચલાવ્યું હતું. કૃષિક્ષેત્રનું સામૂહિકરણ (Collectivization) કરી Great Leap Forward નો માઓનો ઉદ્દેશ હતો. પરંતુ



ખેતીને સામૂહિક રીતે ચલાવવાની માઓની યોજનાથી કૃષિ ક્ષેત્રે ભારે અરાજકતા ફેલાવાથી ચીનમાં સદીનો મહાભયંકર દુષ્કાળ પડયો હતો, જેમાં ૩ કરોડ ચીનાઓના મોત નિપજ્યા હતા.

(૫) Cult of Personality (વ્યક્તિપૂજા અથવા વ્યક્તિત્વનો સંપ્રદાય) -માઓના શાસન દરમિયાન તેમને ઈશ્વરના દરજ્જે લાવી મુકવા માટે જંગી પ્રચાર ઝુંબેશો ચલાવાઈ હતી. માઓ જ એક માત્ર પ્રચંડ તેમજ મહાન નેતા છે, તેવું પ્રસ્થાપિત કરવા સામ્યવાદી પક્ષે 'Little Red Book નામની નાનકડી પુસ્તિકાની લાખ્ખો પ્રતો પ્રકાશિત કરી નાગરિકોને તેનું વાંચન કરવાની ફરજ પડાતી હતી.

ચીનના આવા ક્રૂર આપખુદ શાસક માઓના જીવનની ઘણી બધી ઓછી જાણીતી વાતો આલેખતું માઓ વિશેનું આ પુસ્તક વાંચવા જેવું છે.

વિશ્વની કુલ વસ્તીના લગભગ ચોથા ભાગના લોકો પર દાયકાઓ સુધી સંપૂર્ણ આધિપત્ય જમાવી રાખનાર ચીનના પ્રચંડ રાજનેતા માઓ-ત્સે-તુન્ગ વિશે અત્યાર સુધી બહુ જાણીતી નહીં, એવી અત્યંત ચોંકાવનારી વાતો ''MAO-The Unknown Story'' નામના પુસ્તકમાં આલેખાઈ છે.

ચીનની ખ્યાતિપ્રાપ્ત લેખિકા જન્ગ ચાન્ગ અને તેમના પતિ જોન હાર્લિડે લિખિત આ પુસ્તકને TIME મેગેઝિને- ''An atom bomb of a book'' ગણાવ્યું છે. માઓ વિશેની કેટલીક વાતો વાંચનારનું કાળજું કંપાવી દે તેવી છે. વર્ષ ૧૯૪૯ માં ચીન પર એકાધિકાર જમાવી દીધા પછી માઓની ગુપ્ત મહેચ્છા આખી દુનિયા પર પોતાનું આધિપત્ય હાંસલ કરવાની આંધળી ઘેલછામાં માઓએ કેટલાક એવા પગલાં લીધા, જેના કારણે ચીનમાં પડેલા સૌથી કારમા દુકાળમાં ૩ કરોડ ચીનાઓ ભરખાઈ ગયા હતા. માઓના શાસન દરમિયાનના વર્ષોમાં બધું મળીને એકંદરે ૭ કરોડ ચીની નાગરિકો મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા...!

વિશ્વની લગભગ ચોથા ભાગની વસ્તી પર દાયકાઓ સુધી એકહથ્થુ શાસન જમાવી રાખનાર માઓનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૮૯૩ ના રોજ ચીનના હુનાન પ્રાંતના શાઓશાન ખીણ પ્રદેશના એક કિસાન પરિવારમાં થયો હતો. તેમના પૂર્વજો છેલ્લા ૫૦૦ વર્ષથી આ વિસ્તારમાં જ રહેતા હતા. ઈસુના જન્મ પછીના ૬૧૮ થી ૯૦૬ વર્ષે ટેન્ગ રાજવંશના સમયગાળા દરમિયાન બંધાયેલા બૌધ્ધ મંદિરો હજી પણ એ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. આ ખીણ પ્રદેશના ગાઢ જંગલોમાં વિવિધ ૩૦૦ પ્રજાતિના વૃક્ષો છે અને જંગલોમાં વાઘ, દીપડા, અને રીંછ જેવા વન્ય પ્રાણીઓ પર્વતીય વિસ્તારોમાં છે. આ પર્વતીય વિસ્તારમાં નથી રોડ કે હોડીથી અવરજવર કરી શકાય તેવી કોઈ નદી પણ નથી. ટૂંકમાં આ વિસ્તારના ગામો દુનિયાથી સાવ જ વિખૂટા પડી ગયા હતા. વિશ્વમાં જે કાંઈ ચાલી રહ્યું હોય, તેની ગતિવિધિથી આ વિસ્તાર જાણે સાવ જ અલિપ્ત હતો. એની એક આશ્ચર્યજનક હકીકત એ છે કે વર્ષ ૧૯૦૮ માં ચીનના સમ્રાટનું નિધન થયું તેના ખબર આ વિસ્તારમાં પહોંચ્યા જ નહોતા. સમ્રાટના દેહવિલય પછીના બે વર્ષે એટલે કે ૧૯૧૦ માં માઓ શાઓશાન ખીણ પ્રદેશનું પોતાના વતનનું ગામ છોડીને અન્ય વિકસિત પ્રદેશમાં ગયા ત્યારે જ તેમને ખબર પડી હતી કે ચીનના સમ્રાટનું અવસાન થઈ ચૂક્યું છે. શાઓશાન ખીણ પ્રદેશ ૫ કિ.મી. લાંબો અને ૩.૫ કિ.મી. પહોળાઈ ધરાવતો વિસ્તાર હતો. આ પર્વતીય પ્રદેશમાં ૬૦૦ પરિવારો ચોખા, ચા અને બામ્બુની ખેતી કરી જીવન ગુજરાન ચલાવતા હતા.

માઓના પિતા યી-ચાન્ગનો જન્મ ૧૮૭૦ માં થયો હતો. અને ૧૦ વર્ષની ઉંમરે તેમના ગામથી દશ કિલોમીટર દૂરના ગામની ૧૩ વર્ષની છોકરી સાથે તેમનો વિવાહ થયો હતો. આ છોકરી તેના પિતાની સાતમી છોકરી હતી.

આ એ જમાનાની વાત છે, જ્યારે બે ગામ વચ્ચે ૧૦ કિ.મી.નું અંતર પણ ખૂબ લાંબું અંતર ગણાતું હતું. અને મજાની વાત તો એ હતી કે આ બે ગામના લોકોની બોલી અલગ અલગ હતી, જે પરસ્પર સમજાય તેવી નહોતી. માઓના પિતા યી-ચાન્ગનું લગ્ન ૧૫ વર્ષની વયે થયું હતું. તેમની પત્નીની ઉંમર તે વખતે ૧૮ વર્ષની હતી. વિશ્વની લગભગ ચોથા ભાગની વસ્તી પર દાયકાઓ સુધી એકહથ્થુ શાસન જમાવી રાખનાર માઓનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૮૯૩ ના રોજ ચીનના હુનાન પ્રાંતના શાઓશાન ખીણ પ્રદેશના એક કિસાન પરિવારમાં થયો હતો. તેમના પૂર્વજો છેલ્લા ૫૦૦ વર્ષથી આ વિસ્તારમાં જ રહેતા હતા. ઈસુના જન્મ પછીના ૬૧૮ થી ૯૦૬ વર્ષે ટેન્ગ રાજવંશના સમયગાળા દરમિયાન બંધાયેલા બૌધ્ધ મંદિરો હજી પણ એ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. આ ખીણ પ્રદેશના ગાઢ જંગલોમાં વિવિધ ૩૦૦ પ્રજાતિના વૃક્ષો છે અને જંગલોમાં વાઘ, દીપડા, અને રીંછ જેવા વન્ય પ્રાણીઓ પર્વતીય વિસ્તારોમાં છે. આ પર્વતીય વિસ્તારમાં નથી રોડ કે હોડીથી અવરજવર કરી શકાય તેવી કોઈ નદી પણ નથી. ટૂંકમાં આ વિસ્તારના ગામો દુનિયાથી સાવ જ વિખૂટા પડી ગયા હતા.

# રાજ્યમાં ટેકાના ભાવે મગફળી ખરીદીના શ્રીગણેશ : ખેડૂત દિઠ રૂ. 1452ના ભાવે 125 મણ મગફળી ખરીદાશે, ખેડૂતોએ 200 મણ ખરીદવાની માગ કરી

**રાજકોટ, તા.09**

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ) દ્વારા રાજ્ય સરકાર વતી આજથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સરકારે મગફળી માટે પ્રતિ મણ રૂપિયા 1452નો ટેકાનો ભાવ નક્કી કર્યો છે, જે હાલના બજારભાવ કરતાં મણ દીઠ લગભગ 400 વધુ હોવાથી ખેડૂતોને મોટો આર્થિક ફાયદો થઈ રહ્યો છે. આ ફાયદાને કારણે જ રાજ્યભરમાં 9 લાખ 30 હજાર ખેડૂતોએ વેચાણ માટે રેકોર્ડબ્રેક નોંધણી કરાવી છે.

જોકે, આ ખરીદીમાં એક ખેડૂત દીઠ 125 મણની મર્યાદા રાખવામાં આવતા ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે, કારણ કે ગયા વર્ષે આ મર્યાદા 200 મણની હતી. ખેડૂતો માવઠાને કારણે પાકને નુકસાન થયું હોવા છતાં, આ મર્યાદા વધારીને ઓછામાં ઓછી 150 મણ કરવાની માગ કરી રહ્યા છે, જેથી તેમને બાકીનો પાક ઓછા ભાવે બજારમાં વેચવો ન પડે.

ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે માટેના તમામ સરકારી ધારા ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું છે. જે ખેડૂતોને તેમના વેચાણ માટે SMS દ્વારા જાણ કરવામાં આવી છે, તે ખેડૂતો આજે નિર્ધારિત ખરીદ કેન્દ્રો પર પોતાની મગફળી લઈને પહોંચ્યા હતા. ગુણવત્તાના માપદંડો મુજબ મગફળીની ચકાસણી કરીને ખરીદી શરૂ કરવામાં આવી છે. કોઈપણ ગેરરીતિને રોકી શકાય અને ખરીદી સુચારુ રૂપે ચાલે તે માટે આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવા દરેક ખરીદ કેન્દ્ર પર CCTV કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોધરાએ આ અંગે જણાવ્યું હતું કે, રાજકોટમાં જૂના માર્કેટિંગ યાર્ડ ખાતે મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવી છે. ખેડૂતોને સરળતા રહે તે માટે રાજકોટ તાલુકા માટે 3 કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે, જ્યાં હાલ ખરીદી ચાલુ છે. એટલું જ નહીં, ખેડૂતોને રાજકોટ યાર્ડ સુધી લાંબો ધક્કો ન થાય તે માટે લોધિકામાં



પણ 2 કેન્દ્રો અને પડધરીમાં 3 કેન્દ્રો પર અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જ્યાં પડધરી તાલુકાના ખેડૂતોને બોલાવવામાં આવ્યા છે. ત્રણેય સ્થળે અલગ-અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને ખેડૂતો પાસેથી આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ ગઈ છે. રોજની મજૂરીની સગવડતા મુજબ અંદાજે 80થી 90 ખેડૂતોને દરરોજ બોલાવવામાં આવશે. હાલ બજારમાં મગફળીના ભાવ રૂ. 1100થી રૂ. 1150ની આસપાસ ચાલી રહ્યા છે, જ્યારે સરકારે ટેકાનો ભાવ રૂ. 1452 નક્કી કર્યો છે. એક તરફ સરકાર અને ગુજકોમાસોલ દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ થવાને સકારાત્મક ગણાવવામાં આવી રહી છે, પરંતુ બીજી તરફ ખરીદીના જથ્થાની મર્યાદાથી ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જેમાં ખેડૂતોને ટેકાનો ભાવ પ્રતિ મણ રૂ. 1452 યોગ્ય લાગી રહ્યો છે, પરંતુ ખરીદીના જથ્થાની મર્યાદાથી તેમને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અન્ય ખેડૂત મુકેશભાઈ બકૂતરાએ પણ આ મુદ્દે પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ગયા વર્ષની 200 મણની સામે આ વર્ષે માત્ર 125 મણની ખરીદીના કારણે ખેડૂતોને 50 % જેટલું નુકસાન થઈ રહ્યું છે. આ વર્ષે વરસાદના કારણે પાકને નુકસાન થયું હોવાથી મગફળીનું ઉત્પાદન પણ ઓછું આવ્યું છે, અને ઉપરથી ખરીદીનો જથ્થો પણ અડધો કરી દેવામાં આવ્યો છે. ત્યારે સરકાર દ્વારા ખરીદીનો જથ્થો વધારીને ગયા વર્ષની જેમ 200 મણ કરવામાં આવે, તેવી અમારી માગ છે. ગઢકા ગામના ખેડૂત ચતુરભાઈ લાલજીભાઈ કલોલાએ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવાના નિર્ણયને ખૂબ સારો ગણાવ્યો છે. જોકે, તેમણે ખરીદી માટે નક્કી કરાયેલી મર્યાદા અંગે થોડો અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સરકારે મગફળીની ખરીદી માટે પ્રતિ એકર 125 મણની જે મર્યાદા રાખી છે, તે આ વર્ષે મગફળીના વધેલા વાવેતરના પ્રમાણમાં ઓછી છે. ચતુરભાઈ કલોલાના મતે, સરકારે આ મર્યાદા વધારીને 150 મણ રાખવાની જરૂર છે. બજારભાવ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે, હાલમાં મગફળીની ગુણવત્તાના આધારે બજારમાં 900થી 1100 રૂ. સુધીના ભાવ ચાલી રહ્યા છે. જ્યારે સરકારે ટેકાના ભાવે 1452 રૂ. પ્રતિ ક્વિન્ટલનો જે ભાવ નક્કી કર્યો છે, તે ખેડૂતો માટે સારો ભાવ છે.

### રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના 150મા વર્ષ નિમિત્તે

## KDCC બેંક દ્વારા ઉજવણી સાથે "હર ઘર સ્વદેશી – ઘર ઘર સ્વદેશી" સંકલ્પ કરાયા

**આણંદ, તા.09**

ભારતના રાષ્ટ્રગીત *'વંદે માતરમ'*ના 150મા વર્ષ નિમિત્તે ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિ. (KDCC બેંક) નડિયાદ ખાતે વિશિષ્ટ ઉજવણી અને સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે KDCC બેંકના ચેરમેન તેજસ પટેલ, વા.ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર, ડિરેક્ટર ભદ્રેશભાઈ શાહ, ભરતભાઈ એસ.પટેલ, દિલીપભાઈ પટેલ તથા રણજીતસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત *"વંદે માતરમ"*ના સામૂહિક ગાનથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ એકસ્વરે "વંદે માતરમ"ના જયઘોષ સાથે ભારતમાતાને વંદન કર્યું હતું.

આ અવસરે ચેરમેન તેજસ પટેલે "હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી"નો સંકલ્પ અપાવ્યો હતો અને ઉપસ્થિત સૌને સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરવા તથા સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા શપથ લેવડાવી હતી. તેમણે જણાવ્યું કે, "સ્વદેશી વિચારધારાને આત્મસાત કરીને જ



આપણે આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ." આ કાર્યક્રમમાં બેંકના ચેરમેન તેજસ પટેલે વધુમાં જણાવ્યું હતું કે તમામ શાખા તથા મુખ્ય ઓફિસે રોજ શરૂઆતમાં વંદે માતરમ તથા રાષ્ટ્રગાન થી શરૂઆત કરી ત્યારબાદ રોજિંદા કામની શરૂઆત કરવામાં આવશે એવો પણ વિશેષ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો.

'વંદે માતરમ' ફક્ત એક ગીત નથી, પરંતુ ભારતના સ્વાતંત્ર્ય આંદોલનનું પ્રેરણાસ્ત્રોત અને રાષ્ટ્રપ્રેમનું અમર પ્રતિક છે. આ ગીતે સ્વતંત્રતાસેનાનીઓને અખૂટ ઉર્જા અને દેશપ્રેમની પ્રેરણા આપી હતી.કાર્યક્રમમાં KDCC બેંકના અધિકારીઓ, કર્મચારીઓ તથા નડિયાદ શહેરના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કરમસદ આણંદ મનપાએ નવા માર્ગ નિર્માણ હાથ ધર્યા

### શહેરના મોટી ખોડિયાર માર્ગનું ત્રણ કરોડના ખર્ચે RCC માર્ગનું ખાતમુહૂર્ત કરાયું

**આણંદ, તા.09**

છેલ્લા અગિયાર માસથી કરમસદ આણંદ મનપા માં કમીશ્નર નું શાસન હોય શહેરના વિવિધ માર્ગો નું નવીનીકરણ હાથ ધરવામાં આવી રહ્યું હોય આજે શહેરના ક્રિશ્નાપાર્ક સોસાયટી થી મોટી ખોડીયાર રોડનું મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૩.૭૩ કરોડના ખર્ચે આરસીસી માર્ગ નું ધારાસભ્ય યોગેશ પટેલ ના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર કરમસદ આણંદ મનપા ગત જાન્યુઆરીમાં બનતાં હાલમાં કમીશ્નર ના શાસન પગલે શહેરના વિવિધ વિસ્તારોમાં મનપા દ્વારા માર્ગ નવીનીકરણ ના આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે.જે અંતર્ગત આજે મુખ્યમંત્રી શહેરી



સડક યોજના અંતર્ગત શહેરના ક્રીશ્નાપાર્ક સોસાયટી થી મોટી ખોડીયાર રોડનું નું ૩.૭૩ કરોડના ખર્ચે આરસીસી માર્ગ નું ખાતમુહૂર્ત ધારાસભ્ય યોગેશ પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ હરિકૃષ્ણ પટેલ, મહામંત્રી નટુભાઇ પઢીયાર, પૂર્વ પાલિકા કાઉન્સિલર કરીશ્માબેન સહિતના ભાજપના અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## આંકલાવ તાલુકાની ચમારા પ્રાથમિક શાળા ખાતે રૂપિયા 1.40 કરોડના ખર્ચે નવ નિર્મિત 11 વર્ગખંડોનું લોકાર્પણ

**આંકલાવ, તા.09**

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પાયાનું શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને પ્રાથમિક શાળા ખાતે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે જે શાળાઓ ખાતે વર્ગખંડ નવા બનાવવાના હોય તેવી શાળાઓ ખાતે આધુનિક વર્ગખંડ બનાવવામાં આવી રહ્યા છે. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર ખાતે આવેલી શાળાઓમાં નવા વર્ગખંડો બનાવીને બાળકોને વધુ અનુકૂળ અને સુવિધા સભર વર્ગખંડ તૈયાર કરીને આપવામાં આવી રહ્યા છે.આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ ખાતે નવા વર્ગખંડ બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. જે અંતર્ગત આંકલાવ તાલુકાના ચમારા ગામ ખાતેની પ્રાથમિક શાળાના રૂપિયા ૧.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૧૧ વર્ગખંડોનું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે ગામના બાળકોને નવા બનાવવામાં આવેલ વર્ગખંડ ખૂબ જ ઉપયોગી થશે. આ આધુનિક વર્ગખંડો વિદ્યાર્થીઓને વધુ અનુકૂળ રહેશે અને



સુવિધા સભર બનશે. વિદ્યાર્થીઓને સર્જનાત્મક શૈક્ષણિક વાતાવરણ મળશે. રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણના વિકાસ તરફનું આ મહત્વપૂર્ણ પગલું છે તેમ તેમણે ઉમેર્યું હતું. જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકીએ વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ મોકલવા અને કોઈપણ બાળક અધ્વચ્ચેથી શિક્ષણ ન છોડી જાય તે જોવા શિક્ષકો અને વાલીઓને અપીલ કરી હતી. આ સમયે મહાનુભાવો ના હસ્તે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, અગ્રણી ગણપતભાઈ પઢિયાર, મીહીરભાઈ શાહ, શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ઈડરમાં કાળી ચૌદસની રાત્રે થયેલ હિટ એન્ડ રનની ઘટનામાં થયેલ શ્રમજીવી મહિલાના મોતનો મામલો

## આખરે પોલીસે આરોપી સામે માનવવધની કલમ ઉમેરી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી

### પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જામીન નામંજૂર કરી સબજેલમાં મોકલ્યો : સૂત્રો

**ઈડર, તા.09**

સાબરકાંઠા જીલ્લાના ઈડર શહેરમાં દિવાળીની પૂર્વ સંધ્યાએ અને કાળી ચૌદસની રાત્રે એક હિટ એન્ડ રન જેવો ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં એક ઈકો ચાલક પૂર ઝડપે અને ગફલતભરી રીતે કાર ચલાવી એક દેવીપૂજક સમાજની શ્રમજીવી મહિલાને ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જે બાદ ઈજાગ્રસ્ત મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જે મામલે ફરાર ઈકો કારના ચાલક વિરુદ્ધ પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો હતો જે બાદ પોલીસે ફરાર આરોપી દર્શ ભરતભાઈ મોટવાણીને ઝડપી લઈને સામાન્ય નોટિસ આપી છોડી મુક્યો હોવાની ચર્ચાએ શહેરમાં ભારે જોર પકડ્યું હતું જેને લઈને મૃતક મહિલાના પરિવારજનોમાં ભારે આક્રોશ સાથે રોષ જોવા મળ્યો હતો જે મામલે મૃતક મહિલાના પરિવારજનોએ મનુષ્યવધ સહિતની કલમો ઉમેરવા માટે જીલ્લા પોલીસ વડા અને કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી જોકે મામલો વધુ ઘેરો બનતા આખરે પોલીસે આરોપી સામે મનુષ્યવધની કલમ ઉમેરી આરોપીની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ કાળી ચૌદસની રાત્રે એક ઈકો કાર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી એક શ્રગમજીવી મહિલા કાજલબેન શંકરભાઈ પટણીને અડફેટે લીધી હતી આ અકસ્માતમાં મહિલાનું નાનું બાળક કારના બોનેટ ઉપર આશરે ૧૦૦ મીટર સુધીખેંચાઈ આવ્યું હતું અકસ્માત બાદ કાર ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો જોકે પોલીસે શરૂઆતમાં અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી પરંતુ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ અને ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઈડર પોલીસે નામદાર કોર્ટમાં કલમ ઉમેરવા માટે કાર્યવાહી કરી હતી.

## ખેરગામ ખાતે ભવ્ય સ્વાગત સાથે જનજાતિય ગૌરવ યાત્રાને લીલી ઝંડી

**વલસાડ, તા.09**

આદિવાસી ગૌરવ અને પરંપરાના ઉત્સવરૂપ બનેલી જનજાતિય ગૌરવ યાત્રા આજે ખેરગામના બિરસા મુંડા સર્કલ ખાતે ભવ્ય સ્વાગત વચ્ચે પહોંચતા જ ઉલ્લાસનો માહોલ છવાઈ ગયો હતો. અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી યોજાતી આ યાત્રા આદિવાસી સમાજના ગૌરવ અને બિરસા મુંડાજીના બલિદાનની યાદમાં ઉજવાઈ રહી છે.આ પ્રસંગે આદિજાતિ વિકાસ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, રમતગમત રાજ્ય મંત્રી ડૉ.



જયરામભાઈ ગામીત, ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ, તેમજ અરવિંદભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.મંત્રી નરેશભાઈ પટેલે પ્રેરણાદાયક ઉદ્બોધન કરતા જણાવ્યું કે, "આદિવાસી સમુદાયે સ્વતંત્રતા આંદોલનમાં અતિ મહત્વની ભૂમિકા ભજવી છે. ભગવાન બિરસા મુંડાજી માત્ર આદિવાસી નહીં પરંતુ સમગ્ર ભારતના ગૌરવ છે." તેમણે આજની પેઢીને બિરસા મુંડાના આદર્શોથી પ્રેરણા લઈ દેશભક્તિ અને એકતાનો સંદેશ અપનાવવાનો સંદેશ આપ્યો.

સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દર વર્ષે 15 નવેમ્બરે જનજાતિય ગૌરવ દિવસ ઉજવાય છે, જે આદિવાસી સમાજના ગૌરવનું પ્રતિક છે.કાર્યક્રમમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફૂલમાળા અર્પણ કરી "જય આદિવાસી, જય જોહાર, જય બિરસા મુંડા"ના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું. બાદમાં મંત્રીઓ તથા આગેવાનોની હાજરીમાં યાત્રાના ગૌરવ રથને લીલી ઝંડી આપીને આગળ પ્રસ્થાન કરાવાયું. સ્થાનિક નાગરિકો તથા યુવાનોની મોટી સંખ્યાએ વાહનયાત્રા સ્વરૂપે જોડાતા યાત્રા ગૌરવ, સંસ્કૃતિ અને એકતાનો જીવંત પ્રતીક બની હતી.

### આણંદ જીલ્લા પુરવઠા વિભાગની બેદરકારી

## બોરસદ ચોકડી પર આવેલ સરકારી ગોડાઉનમાં કબૂતરોના અડીંગા....

### કબૂતરોની ચરકના પગલે ખાધપદાર્થો દ્વારા આરોગ્ય સાથે ચેડાં!!

**બોરસદ, તા.09**

ગરીબોને સસ્તું અનાજ મળવાપાત્ર હોય વ્યાજબી ભાવની દુકાને જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા અનાજનું વિતરણ કરવામાં આવતું હોય છે.પરંતુ પુરવઠા ખાતાની જ બેદરકારી રહેતી હોય તેમ આણંદ જીલ્લા પુરવઠા વિભાગ નું બોરસદ ચોકડી નજીક આવેલ સરકારી ગોડાઉન માં બારીઓના વેન્ટીલેશન તૂટતાં કબૂતરો દ્વારા ગોડાઉનમાં અડીંગો જમાવતા તેમની ચરકના કારણે અનાજના જથ્થાને નુકસાન થવા સાથે લોકોના આરોગ્ય સાથે ચેડાં થઇ રહ્યાની લાગણી વ્યક્ત થતી જોવા મળી હોવાનું



જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદ જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો ને સસ્તું અનાજ વ્યાજબી ભાવની દુકાને થી ઉપલબ્ધ થાય તેવા આયોજન કરવામાં આવતાં હોય છે.પરંતુ ખાટલે મોટી ખોડ એછેકે આણંદ જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા અનાજના જથ્થો માટે બોરસદ ચોકડી નજીક આવેલ ગોડાઉનમાં વેન્ટીલેશનના કાચ તૂટતાં કબૂતરો પ્રવેશ કરી અનાજના જથ્થા પર ચરક કરતાં તંત્ર ની બેદરકારી ઉપરાંત જન આરોગ્ય સાથે ચેડાં થઇ રહ્યાની લાગણી વ્યક્ત થવા પામી હોવાનું જાણવા મળેલ છે.

### ઠાસરા ટીચર્સ કો.ઓ.ક્રેડિટ સોસાયટીમાં 2.12 કરોડનું કૌભાંડ

## વર્ષ 2016થી'22 દરમ્યાન આચરેલ કૌભાંડમાં પૂર્વ પ્રમુખ તથા ક્લાર્કની અટકાયત

### ઠાસરા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ સોસાયટીમાં વર્ષ 2016થી'22 દરમ્યાન પૂર્વ પ્રમુખની નાણાંકીય ગેરરીતિ બહાર આવાતાં પાંચ દિવસના રિમાન્ડ

**ઠાસરા, તા.09**

મંત્રી તથા ક્લાર્ક ભેગા મળી ૨.૧૨ કરોડનું કૌભાંડ આચર્યું હતું.જેની ઠાસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી વડોદરા થી પૂર્વ પ્રમુખ ગોકળભાઇ ઠાકોર તથા ક્લાર્ક ની ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજૂ કરતાં પાંચ દિવસના રિમાન્ડ મંજૂરનો હુકમ કરાયો હતા.જયારે પૂર્વ મંત્રી પોલીસ પહોંચથી બહાર હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર ઠાસરા આશાપુરા મંદિર નજીક આવેલ ઠાસરા ટીચર્સ કો.ઓ.ક્રેડીટ સોસાયટીમાં ઠાસરા ગળતેશ્વર વિસ્તારની વિવિધ શાળાના ૧૧૪૮ જેટલા સભ્યો તથા સો કરોડનું ભંડોળ હોય સોસાયટી ના પૂર્વ પ્રમુખ ગોકળભાઇ ઠાકોર, મંત્રી અજીતસિંહ ઝાલા, તથા કોમ્પ્યુટર



ક્લાર્ક પંકજ પરમારનાઓએ તેમના કાર્યકાળ દરમ્યાન વર્ષ '૧૬થી'૨૨ના સમયગાળામાં સોસાયટીમાંથી શિક્ષક સભાસદો ના નામે ધારાધોરણ નેવે મૂકી ૨.૧૨ કરોડનું ધિરાણ કરી નાણાંકીય ગેરરીતિ આચરતા નડિયાદ જીલ્લા રજીસ્ટ્રાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.જેના પગલે રજીસ્ટ્રાર દ્વારા તપાસ હાથ ધરતાં ૨,૧૨,૬૯,૨૪૦ની નાણાંકીય ગેરરીતિ આચર્યાનું ઉજાગર થતાં સોસાયટી ના વર્તમાન મંત્રી ચંદ્રકાંત વાળંદ દ્વારા પૂર્વ પ્રમુખ ગોકળભાઇ ઠાકોર, મંત્રી અજીતસિંહ ઝાલા તથા કોમ્પ્યુટર ક્લાર્ક પંકજ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઠાસરા પોલીસે તપાસ હાથ ધરતાં પૂર્વ પ્રમુખ ગોકળભાઇ ઠાકોર તથા ક્લાર્ક પંકજ પરમારને વડોદરા ખાતે થી ઝડપી પાડી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરતાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા નો હુકમ કર્યો હતો.

જયારે પૂર્વ મંત્રી અજીતસિંહ ઝાલા ફરાર હોય તેમને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે.

# 'હાશ! ટ્રોફીને હાથ તો લગાવ્યો...', કેપ્ટન સૂર્યાએ ઓસ્ટ્રેલિયાને હરાવી મોહસિન નકવીને માર્યો ટોણો!



**નવી દિલ્હી, તા.09**

ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર પાંચ મેચોની T20 શ્રેણીમાં 2-1થી ભલે પછાડી દીધી હોય, પરંતુ અસલી સમાચાર તો મેચ પછી આવ્યા. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે શ્રેણી જીતવાની ટ્રોફી ઉઠાવ્યા બાદ એવા શબ્દો કહ્યા કે સીધા પાકિસ્તાનના અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના ચીફ મોહસિન નકવીના દિલમાં સોંસરવા ઉતરી ગયા હશે! સૂર્યાએ પોતાના નિવેદનથી એશિયા કપ 2025ના ટ્રોફી વિવાદની યાદ અપાવી દીધી, જેમાં ભારતીય ટીમ ચેમ્પિયન તો બની પણ ટ્રોફી હજુ સુધી ઘરે આવી નથી.

**શું કહ્યું સૂર્યકુમાર યાદવે?**

શનિવારે બ્રિસ્બેનમાં શ્રેણીની છેલ્લી મેચ વરસાદને કારણે રદ થઈ, પરંતુ ભારત શ્રેણી જીતી ચૂક્યું હતું. શ્રેણી જીત્યા બાદ સૂર્યાએ મંદ-મંદ હસીને કહ્યું, 'હાશ! આખરે કોઈ ટ્રોફીને સ્પર્શ કરવાનો અહેસાસ ખૂબ જ સારો લાગી રહ્યો છે. જ્યારે મને આ ટ્રોફી સોંપવામાં આવી, ત્યારે મેં તેને મારા હાથમાં અનુભવી.'

**મોહસિન નકવી પર કટાક્ષ**

સૂર્યાનો આ કટાક્ષ સીધો મોહસિન નકવી પર હતો. યાદ અપાવી દઈએ કે એશિયા કપ 2025 જીત્યા બાદ ભારતીય ટીમે નકવીના હાથે ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો હતો. આ પછી, નકવી સાહેબ ટ્રોફી લઈને રફુચક્કર થઈ ગયા હતા અને તે ટ્રોફી આજે પણ ACCની ઓફિસમાં ધૂળ ખાઈ રહી છે, ભારત પહોંચી જ નથી.

**એક પછી એક ટોણા માર્યા**

સૂર્યા આટલેથી જ ન અટક્યા, તેમણે વધુ મીઠું-મરચું ભભરાવતા કહ્યું, 'થોડા દિવસો પહેલા એક બીજી ટ્રોફી પણ ભારત આવી છે. આપણી મહિલા ટીમે ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો છે. એ ટ્રોફી તો ઘરે આવી ગઈ છે. હવે આ ટ્રોફીને પકડીને પણ ખૂબ સારું લાગી રહ્યું છે.' આ નિવેદનથી સૂર્યાએ સ્પષ્ટ કરી દીધું કે જીતેલી ટ્રોફી ઘરે આવે તો કેવો આનંદ થાય!

**હવે BCCI વિવાદ શાંત પાડવા મેદાનમાં**

સૂર્યાના આ નિવેદનથી આગ લાગે તે પહેલા, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ દેવજીત સૈકિયા વિવાદને શાંત પાડવા મેદાનમાં ઉતર્યા છે. તેમણે કહ્યું છે કે BCCI અધિકારીઓની મોહસિન નકવી સાથે 'સકારાત્મક વાતચીત' થઈ છે અને આશા છે કે ટૂંક સમયમાં આ મુદ્દો ઉકેલાઈ જશે. ઉલ્લેખનીય છે કે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશિપમાં ભારતીય T20 ટીમ અજેય રહી છે. તેમની જ કપ્તાની હેઠળ ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને ફાઈનલ સહિત ત્રણ વખત હરાવ્યું હતું. કદાચ એટલે જ સૂર્યાને મેદાન પર અને મેદાન બહાર, બંને જગ્યાએ વાતને કેવી રીતે ફટકારવી તે બરાબર આવડે છે!

# વર્લ્ડ કપ જીત્યા બાદ સ્ટાર ક્રિકેટર ઋચા ઘોષ બની DSP, ફાઈનલમાં જેટલા રન બનાવ્યા એટલા લાખનો ચેક મળ્યો

**નવી દિલ્હી, તા.09**

ભારતે તાજેતરમાં જ ICC મહિલા વનડે વર્લ્ડ કપ 2025 જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ ભારતીય મહિલા ટીમની પ્રથમ ICC ટ્રોફી હતી. વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ રહેલી વિકેટકીપર ઋચા ઘોષ DSP બની ગઈ છે. તેને પશ્ચિમ બંગાળમાં માનદ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DSP) નિયુક્ત કરવામાં આવી છે. રાજ્ય સરકારે તેને પ્રતિષ્ઠિત બંગ ભૂષણ એવોર્ડથી પણ સન્માનિત કરી છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB)એ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ઋચા માટે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કર્યું હતું, જેમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હાજરી આપી હતી.

શનિવારે યોજાયેલા સન્માન સમારોહમાં 22 વર્ષીય ઋચાને ગોલ્ડન બેટ આપવામાં આવી હતી. આ સાથે જ તેને 34 લાખ રૂપિયાનો ચેક પણ મળ્યો હતો. તેણે દક્ષિણ આફ્રિકા સામે ફાઈનલમાં 24 બોલમાં 34 રન બનાવ્યા હતા, જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા. ભારતે 298/7 નો સ્કોર કરીને 52 રનથી ટાઈટલ મેચ જીતી હતી. સન્માન સમારોહની શરૂઆત પરંપરાગત ઉત્તરીય, ફૂલો અને મીઠાઈઓ સાથે થઈ હતી, ત્યારબાદ મુખ્યમંત્રી મમતાએ ઋચાને ગોલ્ડન બેટ, બંગ ભૂષણ, એક સોનાની ચેઈન અને DSP નિમણૂક પત્ર સોંપ્યો હતો.



સીએમ મમતા બેનરજીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ઋચા પ્રેમથી વારંવાર દુનિયા જીતી લેશે. મેન્ટલ સ્ટ્રેંથ એ સૌથી મોટી શક્તિ છે. તમારે સખત મહેનત કરતા રહેવું જોઈએ, મુશ્કેલીઓને પાર કરીને તમારા લક્ષ્ય સુધી પહોંચવું જોઈએ. તમારે લડવાનું છે, પ્રદર્શન કરવાનું છે, રમવાનું છે અને જીતવાનું છે. બીજી તરફ પશ્ચિમ બંગાળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, DSP ઋચા ઘોષ, હાર્દિક અભિનંદન. બંગાળનું ગૌરવ ઋચા હવે ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ બની ગઈ છે. પશ્ચિમ બંગાળ સરકારે વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમની મહત્વપૂર્ણ સભ્ય ઋચાને પોલીસમાં DSP પદ પર નિયુક્ત કરી છે. ભારતની ઐતિહાસિક ટાઈટલ જીતના શિલ્પકારોમાંથી એક ઋચાએ ટુર્નામેન્ટમાં આઠ ઈનિંગ્સમાં 133.52ના સ્ટ્રાઈક રેટથી 235 રન બનાવ્યા હતા. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનારી પાંચમી ભારતીય હતી. ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી CABના અધ્યક્ષ છે. ગાંગુલીએ પણ ઋચાની પ્રશંસા કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તે એક દિવસ ભારતીય ટીમની કેપ્ટન બનશે.

# પાંચમી ટી20 વરસાદમાં ધોવાઈ ગઈ, ભારતે 2-1થી સિરીઝ જીતી

- **ઓસ્ટ્રેલિયા સામેની બ્રિસબેન ખાતેની અંતિમ ટી20 પાંચમી ઓવરમાં જ રદ**




**બ્રિસબેન, તા.09**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અહીં રમાયેલી પાંચમી અને અંતિમ ટી20 ક્રિકેટ મેચ શનિવારે વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. આ સાથે પ્રવાસી ભારતીય ટીમે પાંચ મેચની આ સિરીઝ 2-1તી જીતી લીધી હતી. સિરીઝમાં પહેલી અને પાંચમી મેચ રદ કરવાની ફરજ પડી હતી.

અગાઉ સિરીઝની પહેલી મેચમાં 9.4 ઓવરની રમત શક્ય બની હતી જેમાં ભારતે એક વિકેટે 97 રન કર્યા હતા તો શનિવારે રમાયેલી મેચમાં 4.5 ઓવર બાદ વરસાદના વિઘ્ન વચ્ચે મેચ પડતી મુકાઈ હતી જેમાં ભારતે પ્રથમ બેટિંગ કરીને વિના વિકેટે 52 રન કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ભારતને બેટિંગમાં ઉતાર્યું હતું. ભારત માટે ઓપનર અભિષેક શર્મા અને શુભમન ગિલે આક્રમક પ્રારંભ કર્યો હતો. શર્મા માત્ર 13 બોલ રમ્યો હતો જેમાં તેણે એક સિક્સર અને એક ચોગ્ગા સાથે 23 રન ફટકાર્યા હતા તો ગિલે 16 બોલમાં છ ચોગ્ગા સાથે 29 રન ફટકાર્યા હતા. અભિષેક શર્માને આ સિરીઝમાં શાનદાર બેટિંગ કરવા બદલ મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. તાજેતરના ગાળામાં એશિયા કપ બાદ અભિષેક બીજી વાર પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર થયો છે.

ભારતની ઈનિંગ્સ ચાલતી હતી ત્યારે પાંચમી ઓવરમાં વિજળી સાથે વરસાદ શરૂ થતાં રમત અટકી ગઈ હતી. થોડી જ વારમાં વરસાદની તીવ્રતા વધી ગઈ હતી અને રમત આગળ ચાલવાની તમામ તકો ઓસરી ગઈ હતી.

અગાઉ ઓસ્ટ્રેલિયા પાસે ખતરનાક બેટિંગ કરી રહેલા અભિષેકને આઉટ કરવાની તક હતી પરંતુ તેઓ તેનો લાભ લઈ શક્યા ન હતા. પહેલી જ ઓવરમાં ભારતનો ડાબોડી ઓપનર લેગ સાઈડમાં એક શોટ ફટકારવામાં થાપ ખાઈ ગયો હતો પરંતુ ગ્લેન મેક્સવેલ તેનો કેચ ઝડપી શક્યો ન હતો. ત્યાર બાદ બેન દ્વારશૂષે પણ ચોથી ઓવરમાં એક આસાન કેચ ગુમાવ્યો હતો. તે સમયે અભિષેક શર્મા 11 રન પર રમી રહ્યો હતો. ત્રણ બોલ બાદ અભિષેકે એક શાનદાર સિક્સર ફટકારી દીધી હતી.

દરમિયાન શુભમન ગિલ પણ આકર્ષક બેટિંગ કરી રહ્યો હતો. તેણે ત્રીજી ઓવરમાં દ્વારશૂષ સામે સળંગ ત્રણ બોલમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા.

વર્તમાન સિરીઝની પહેલી મેચ ધોવાઈ ગયા બાદ બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાનો ચાર વિકેટે વિજય થયો હતો. ભારતે ત્રીજી અને ચોથી મેચ જીતીને સિરીઝ પોતાની તરફેણમાં કરી લીધી હતી. બંને વચ્ચે આ અગાઉ ત્રણ મેચની વન-ડે સિરીઝ રમાઈ હતી જેમાં ઓસ્ટ્રેલિયાનો 2-1થી વિજય થયો હતો. ત્રીજી મેચમાં ભારતના રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ફોર્મ પરત મેળવતી બેટિંગ કરીને ટીમને સફળતા અપાવી હતી.

ભારતીય ટીમ હવે 14મી નવેમ્બરથી ઘરઆંગણે રમાનારી સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં ભાગ લેશે જેની પહેલી મેચ કોલકાતા અને બીજી મેચ ગુવાહાટી ખાતે રમાશે. ત્યાર બાદ બંને ટીમ વચ્ચે વન-ડે અને ટી20 સિરીઝ પણ યોજાશે.

# શ્રદ્ધા ઝોટોપિયા-ટુમાં અવાજ આપીને હોલિવૂડમાં ડેબ્યુ કરશે

**મુંબઇ, તા.09**

શ્રદ્ધા કપૂરને હોલીવૂડના એક મોટા પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળી છે. તેણે સોશયલ મીડિયાના હેન્ડલ પર પોતાની આ ખુશી જાહેર કરી છે.

શ્રદ્ધાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ જૂટોપિયા ટુનુંએક પોસ્ટર શેર કર્યું હતું. તેણે સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, ઝૂટોપિયા ટુ પરિવારમાં સામેલ થવા માટે ઉત્સાહિત છું. તેણે વધુમાં લખ્યું હતું કે, જૂડી હોપ્સ જેવી એનર્જેટિક, બહાદુર અને ક્યૂટ કેરેક્ટરને મારો અવાજ આપવો એ મારા માટેએક શમણાંસમાન છે.




શ્રદ્ધા કપૂરે સાથેસાથે ફિલ્મની રિલીઝ ૨૮ નવેમ્બરના રોજ રિલીઝ થશે એ પણ સ્પષ્ટ કર્યું હતું.

શ્રદ્ધા ઝૂટોપિયા ટુ ઉપરાંત છોટી સ્ત્રી, સ્ત્રી ૩,ચાલબાઝ ઈન લંડન જેવી ફિલ્મોમાં જોવા મળશે.

# અનુષ્કા શર્મા અટવાયેલી ફિલ્મ ચકદા એક્સપ્રેસને રિલીઝ કરવાના પ્રયાસમાં

**મુંબઇ, તા.09**

અનુષ્કા શર્મા 7 વરસથી રૂપેરી પડદે કમબેક કરવાની તૈયારી કરી રહી છે. તેની અટકી પડેલી ચકદા એક્સપ્રેસને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવાના પ્રયાસ રૂપે વાતચીત કરી રહી છે. ચકદા એક્સપ્રેસનું નિર્માણ નેટફ્લિક્સને જોઈતું હતું તે રીતે ન બન્યું હોવાથી ફિલ્મ બાબતે વિવાદ થયો હતો અને તેથી જ આ ફિલ્મને રિલીઝ કરવામાં આવી નહીં. હવે અનુષ્કા શર્મા ફિલ્મને રિલીઝ કરવાના પ્રયાસ કરીરહી છે.તે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઐતિહાસિક જીત પછી અનુષ્કા પોતાની ફિલ્મને રિલીઝ કરવાનો ફાયદો ઉઠાવવા માંગે છે. ચકદા એક્સપ્રેસને ફિલ્મસર્જક ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સના અધિકારીઓને લેખિત સંદેશો મોકલીને ફિલ્મ રિલીઝ કરવાનું કહી રહી છે. એક સૂત્રે જણાવ્યું હતું કે, અણે નેટફ્લિકસને વ્યક્તિગત રીતે ચિઠ્ઠી લખીને ફિલ્મને રિલીઝ કરવાનું કીધું છે. અનુષ્કા શર્માની ચકદા એક્સપ્રેસ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૨માં પુરી થઇ ગઇ હતી. આ ફિલ્મને ૨૦૨૩માં રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ કોઈ કારણોસર તે અટકી પડી હતી.હવે મળેલી માહિતી અનુસાર, અનુષ્કા શર્મા ૭ વરસ પછી ચકદા એક્સપ્રેસને રિલીઝ કરવાના પ્રયાસ કરી રહી છે.




# સામંથા રૂથ પ્રભુએ રાજ નિદિમોરુ સાથેની રોમેન્ટિક તસવીર શેર કરી

**મુંબઇ, તા.09**

સામંથા રૂથ પ્રભુ ફિલ્મસર્જક રાજ નિદિમોરુને ડેટ કરી રહી છે. તેનો વધુ એક પુરાવો અભિનેત્રીએ પોતે આપ્યો છે. હાલમાં જ તેણે રાજ નિદિમોરુ સાથેની એક રોમેન્ટિક તસવીર શેર કરીને પોતાના સંબંધને આડકતરી રીતે સમર્થન કર્યું છે.સામંથા રૂથ પ્રભુએ રાજને ભેટતો પોઝ આપતાં તસવીર શેર કરી છે. ઉલ્લેખનીય છે કે, બન્ને જણાના પોતા પાર્ટનર્સ સાથે છૂટાછેડા થઇ ગયા છે. સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુ સાથે અફેરમાં હોવાની ચર્ચા છે. જોકે બન્નેએ પોતાના સંબંધોની પુષ્ટિ અથવા તો ખંડન કર્યું નથી. અભિનેત્રીની નવી પોસ્ટ પરથી અંદાજ લગી રહ્યા છે કે, બન્ને રિલેશનશિપમાં છે. એક ઈવેન્ટ દરમિયાન સામંથા રૂથ પ્રભુ રાજ પાસે ઊભેલી જોવા મળી રહેલી છે. તે તેની બાહોમાં અને રાજે તેને કમરથી પકડેલી જોવા મળે છે.



# ...તો ફેબ્રુઆરીમાં રશ્મિકા મંદાના અને વિજયના લગ્ન કન્ફર્મ! અભિનેત્રીએ કહ્યું - એમના માટે ગોળી ખાવા તૈયાર!



**મુંબઇ, તા.09**

એક્ટ્રેસ રશ્મિકા મંદાનાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' થિયેટર્સમાં રિલીઝ થઈ ગઈ છે. રિલીઝ પહેલા એક્ટ્રેસે ચાહકો સાથે વાતચીત કરી અને 'પુષ્પા 3', AI ડીપફેક્સ, રિલેશનશિપ્સની સાથે-સાથે અન્ય ઘણા મુદ્દા પર વાત કરી. તેની આ કમેન્ટ્સ એવા સમયે આવી છે જ્યારે એવા અહેવાલો વહેતા થયા છે કે, તે મંગેતર વિજય દેવેરાકોંડા સાથે ફેબ્રુઆરી 2026માં લગ્ન કરવા જઈ રહી છે. વિજય અને રશ્મિકાએ કથિત રીતે આ મહિનાની શરૂઆતમાં એક પ્રાઈવેટ સેરેમનીમાં સગાઈ કરી લીધી હતી. જોકે, બંનેમાંથી કોઈએ આ સમાચારની પુષ્ટિ નથી કરી, પરંતુ તેઓ બંને સગાઈની વીંટી પહેરેલા જોવા મળ્યા છે.

જ્યારે રશ્મિકા પોતાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' માટે ઓનેસ્ટ ટાઉનહોલમાં હતી, ત્યારે તેને પ્રેમની વ્યાખ્યા અને તે લાઈફ પાર્ટનરમાં શું જોઈ છે જેવા સવાલો પૂછવામાં આવ્યા હતા. એક્ટ્રેસે જવાબમાં કહ્યું કે, 'મારા ટાઈપ, પ્રામાણિકપણે કહું તો એવું કોઈક જે ડિપ લેવલે સમજવામાં સક્ષમ હોય. હું સામાન્ય અર્થમાં નથી કહી રહી. આ જીવનને તેના પોતાના દ્રષ્ટિકોણથી સમજવાનું છે. તે ચોક્કસ પરિસ્થિતિઓને કેવી રીતે જુએ છે? હું એવી વ્યક્તિ ઈચ્છું છું જે સમજવા માટે ખુલ્લી હોય. એવો વ્યક્તિ જે ખરેખર સારો હોય અને મારી સાથે અથવા મારા માટે યુદ્ધ લડી શકે. જો કાલે મારી સામે યુદ્ધ થાય તો હું જાણું છું કે તે માણસ મારી સાથે લડશે. હું પણ એવું જ કરીશ. હું તેના માટે ગમે ત્યારે ગોળી ખાવા તૈયાર છું. આ જ મારા ટાઈપ છે.'





ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' વિશે વાત કરતાં રશ્મિકાએ કહ્યું કે, મેં ફિલ્મ ધ ગર્લફ્રેન્ડ' માટે હા પાડી એની પાછળનું કારણ એ છે કે, મને લાગ્યું કે તે લોકોને બતાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ સ્ટોરી છે અને ખૂબ જ વિચારપ્રેરક ફિલ્મ છે. તે એક ઉષ્માભર્યા આલિંગન જેવી છે. દરેક વ્યક્તિ પોતાના જીવનના કોઈને કોઈ સમયે આ ફિલ્મ સાથે જોડાણ અનુભવશે.

તેણે આગળ કહ્યું કે, 'આવી સ્ટોરી બતાવવા માટે ઘણી હિંમતની જરૂર પડે છે. સદનસીબે મારું કરિયર શાનદાર રહ્યું છે. હું મારી બધી સફળતા અને દશ્યતાનો ઉપયોગ આવી ફિલ્મ બનાવવા માટે કરી રહી છું. હું આ ફિલ્મ એક એક્ટર અને એક માણસ તરીકે મારા માટે કરવા માગુ છું. તમારે કંઈક એવું સાર્થક કરવું જોઈએ કે તમે તમારા દર્શકોને પાછું આપી શકો. મને આશા છે કે આ ફિલ્મ ઓછામાં ઓછી એક વ્યક્તિને બદલી દેશે. ત્યારે અમારું કામ પૂર્ણ થશે.'

જ્યારે એક ચાહકે 'પુષ્પા 3' અને શ્રીવલીને ત્રીજી વખત જોવાની શક્યતા વિશે પૂછ્યું ત્યારે રશ્મિકાએ જવાબ આપ્યો કે, 'મને ખૂબ આનંદ છે કે તમે બધા શ્રીવલી સાથે એક પાત્ર તરીકે જોડાયા. તમારે આ અંગે સુકુમાર સરને જ પૂછવું જોઈએ. હું તમને કહી શકું છું કે શ્રીવલી 3 ટૂંક સમયમાં

# ઘરેલુ વેજ થાળી 17% સસ્તી થઈ : બટાકા, ડુંગળી અને ટામેટાંના ભાવમાં ઘટાડાની અસર, નોન-વેજ થાળીના ભાવ પણ 12% ઘટ્યા

**નવી દિલ્હી, તા.09**

ભારતમાં એક ઘરેલુ શાકાહારી થાળીનો ભાવ ઓક્ટોબર 2024માં વાર્ષિક ધોરણે 17% ઘટીને 27.8 થયો હતો. મૂડી બજાર કંપની ક્રિસિલે તેના ફૂડ પ્લેટ ખર્ચના માસિક ઈન્ડિકેટરમાં જણાવ્યું હતું કે, ઓક્ટોબર 2024માં શાકાહારી થાળીનો ભાવ 33.3 હતો.

ક્રિસિલના રાઈસ રોટી રેટ (RRR) રિપોર્ટમાં જણાવાયું છે કે સપ્ટેમ્બરની સરખામણીમાં ઓક્ટોબરમાં શાકાહારી થાળીના ભાવમાં 1%નો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં શાકાહારી થાળીનો ભાવ 28.1 હતો.

દરમિયાન, ઓક્ટોબર 2024માં માંસાહારી થાળીનો ભાવ વાર્ષિક ધોરણે 12% ઘટીને 54.4 થયો. ઓક્ટોબર 2024માં માંસાહારી થાળીનો ભાવ 61.6 હતો.



માસિક ધોરણે સપ્ટેમ્બરની સરખામણીમાં ઓક્ટોબરમાં માંસાહારી થાળીના ભાવમાં 3%નો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં માંસાહારી થાળીનો ભાવ 56 રૂપિયા હતો.

ક્રિસિલના અહેવાલ મુજબ, બટાકા, ડુંગળી, ટામેટાં અને કઠોળના ભાવ ઘટવાને કારણે શાકાહારી થાળીના ભાવમાં ઘટાડો થયો છે. ટામેટાના ભાવમાં વાર્ષિક ધોરણે 40%, ડુંગળીમાં 51% અને બટાકાના ભાવમાં 31%નો ઘટાડો થયો છે.

કઠોળના ભાવમાં પણ 17% ઘટાડો થયો છે. આ પરિબળોને કારણે શાકાહારી થાળીના ભાવમાં ઘટાડો થયો છે. બટાકા અને ટામેટાં શાકાહારી થાળીના ખર્ચમાં 24% હિસ્સો ધરાવે છે.

ચિકનના ભાવમાં ઘટાડાને કારણે નોન-વેજ થાળીના ભાવમાં ઘટાડો થયો

નોન-વેજ થાળીના ભાવમાં આ ઘટાડો બ્રોઈલર્સ અથવા ચિકનના ભાવમાં વાર્ષિક ધોરણે 6% ઘટાડો થવાને કારણે છે. નોન-વેજ થાળીના ખર્ચમાં બ્રોઈલર્સનો હિસ્સો 50% છે.

તે જ સમયે, વાર્ષિક ધોરણે વનસ્પતિ તેલના ભાવમાં 11% અને એલપીજી સિલિન્ડરના ભાવમાં 6%નો વધારો થયો છે, નહીં તો બંને પ્લેટો વધુ સસ્તી થઈ શકી હોત.

ક્રિસિલે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં હાલના ખાદ્ય ભાવોના આધારે ઘરે થાળી બનાવવાનો સરેરાશ ખર્ચ ગણતરીમાં લીધો. માસિક ફેરફારો સરેરાશ વ્યક્તિના ખર્ચ પર અસર કરે છે.

ક્રિસિલના ડેટામાં થાળીના ભાવમાં રહેલા ઘટકોનો પણ ખુલાસો થાય છે, જેમાં અનાજ, કઠોળ, બ્રોઈલર (ચિકન), શાકભાજી, મસાલા, ખાદ્ય તેલ અને રસોઈ ગેસનો સમાવેશ થાય છે. શાકાહારી થાળીમાં રોટલી, શાકભાજી (ડુંગળી, ટામેટાં અને બટાકા), ભાત, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે. માંસાહારી થાળીમાં દાળને બદલે ચિકનનો સમાવેશ થાય છે.

નોંધ: ઉપરોક્ત આંકડા ઘરે તૈયાર થતી થાળી દીઠ કિંમત દર્શાવે છે. આ થાળીનો છૂટક ભાવ નથી, જેમાં ઓવરહેડ ખર્ચ, સ્ટાફ ખર્ચ અને નફાનો માર્જિન શામેલ થાય છે.

# ફ્લેક્સી-કેપ ફંડ્સે 1 વર્ષમાં 13% વળતર આપ્યું

## આ ફંડમાં રોકાણ ઓછું જોખમી, અહીં જાણો આ ફંડ સાથે જોડાયેલી ખાસ વાત



**નવી દિલ્હી, તા.09**

ઘણા લોકો ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં વધુ વળતર માટે શેરબજારમાં રોકાણ કરે છે. જોકે, જો તમને શેરબજાર વિશે મર્યાદિત જ્ઞાન હોય, તો તમે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકો છો. મ્યુચ્યુઅલ ફંડ ફ્લેક્સી-કેપ ફંડમાં રોકાણ કરીને તમે સારો નફો કમાઈ શકો છો.

આ કેટેગરીએ છેલ્લા એક વર્ષમાં 13% સુધીનું વળતર આપ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં, તેણે 25% સુધીનું વાર્ષિક વળતર આપ્યું છે. આજે, આપણે ફ્લેક્સી-કેપ ફંડ્સ વિશે વાત કરી રહ્યા છીએ.

સૌપ્રથમ જાણો ફ્લેક્સી-કેપ ફંડ શું છે? ફ્લેક્સી-કેપ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ તેની રોકાણ વ્યૂહરચનામાં સુગમતા પ્રદાન કરે છે. ફંડ મેનેજર રોકાણકારોના નાણાં તેમના વિવેકબુદ્ધિ મુજબ સ્મોલ, મિડ અથવા લાર્જ કેપ રોકાણોમાં રોકાણ કરે છે. ફંડ મેનેજર દરેક ફંડ કેટેગરીમાં કરવામાં આવનાર રોકાણની રકમથી બંધાયેલા નથી.

આ યોજનામાં કોણે રોકાણ કરવું જોઈએ? જો તમે ઈક્વિટી ફંડ્સમાં રોકાણ કરવા માંગતા હો પરંતુ ઉચ્ચ જોખમ લેવા માંગતા ન હોવ, તો તમે ટોચના રેટેડ ફ્લેક્સી-કેપ ફંડ્સમાં રોકાણ કરી શકો છો. આ ફંડ્સ માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ પણ સારી રીતે વૈવિધ્યસભર છે.

જ્યારે બજાર સ્થિર હોય ત્યારે આ ફંડ્સ સ્મોલ અને મિડ-કેપ ફંડ્સ કરતાં ઓછું વળતર આપી શકે છે, પરંતુ બજારની અસ્થિર પરિસ્થિતિઓમાં તે ઓછા જોખમી હોય છે. તેથી, જો તમને ઓછું જોખમ ધરાવતું ફંડ જોઈતું હોય, તો તમે ફ્લેક્સી-કેપ ફંડમાં રોકાણ કરી શકો છો.

લાંબા ગાળા માટે તેમાં રોકાણ કરવું યોગ્ય નિષ્ણાતોના મતે, આ યોજનાઓમાં રોકાણ ઓછામાં ઓછા 5 વર્ષના સમયગાળા સાથે કરવું જોઈએ. જ્યારે આ શ્રેણી ટૂંકા ગાળામાં સારું પ્રદર્શન ન કરી શકે, ત્યારે તે લાંબા ગાળે વધુ સારું વળતર આપી શકે છે. ફંડ મેનેજર રોકાણકારોના નાણાં તેમના વિવેકબુદ્ધિ મુજબ સ્મોલ, મિડ અથવા લાર્જ કેપ રોકાણોમાં રોકાણ કરે છે. ફંડ મેનેજર દરેક ફંડ કેટેગરીમાં કરવામાં આવનાર રોકાણની રકમથી બંધાયેલા નથી.

SIP દ્વારા રોકાણ કરવું વધુ સારું રહેશે નિષ્ણાતોના મતે, મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે રોકાણ કરવાને બદલે, તમારે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા રોકાણ કરવું જોઈએ. SIP દ્વારા, તમે દર મહિને એક નિશ્ચિત રકમનું રોકાણ કરો છો. આનાથી જોખમ વધુ ઘટે છે, કારણ કે તે બજારના વધઘટથી ઓછું પ્રભાવિત થાય છે.

# 'અર્થ'નું અર્થઘટન : રોકાણમાં વિકલ્પો અનેક, વૃદ્ધિ અને વૈવિધ્યીકરણથી રોકાણ વળતરદાયક નીવડી શકે

**નવી દિલ્હી, તા.09**

છેલ્લા 2 દાયકાથી સામાન્ય લોકો પરંપરાગત સરકારી સિક્યુરિટીમાંથી બહાર નીકળીને પોતાની બચત ગ્રોથ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરવા તરફ વળ્યા છે. એના ઘણા બધા કારણ હોય છે પણ સૌથી મહત્વના 2 કારણ : ભારતનો વૈશ્વિક દબદબો અને ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI). મજબૂત FDIનો પ્રવાહ જે 2024-25માં વધીને USD 81 બિલિયન થયો છે. આના કારણે ભારતની આર્થિક સ્થિતિ ખૂબ જ મજબૂત બની. આનો અર્થ એ છે કે, ભારતના રોકાણકારોનો સરકાર અને લોકલ બજારોમાં વિશ્વાસ વધ્યો અને તેનાથી રોકાણનો ગ્રાફ દર વર્ષે વધતો જ રહ્યો. સામાન્ય રીતે કોર્પોરેટ અને સરકારી





બોન્ડ્સ, સ્ટોક્સ અને ઈક્વિટી, મ્યુચ્યુઅલ ફંડ્સ, ETF વગેરેમાં સામાન્ય લોકોનું રોકાણ ઘણું વધ્યું છે અને બજારે લોકોને કમાવીને પણ આપ્યું.

હાલમા, મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીમાં કુલ 44 AMC (asset management company) છે અને દરેક AMC પાસે ઓછામાંઓછી 25 થી 30 મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ હોય છે. એટલે ખાલી ગણતરી કરીએ તો પણ 1200થી વધારે સ્કીમ્સ ઉપલબ્ધ છે. જેમાં,

ટૂંકા ગાળાના ફંડ, અલ્ટ્રા ટૂંકા ગાળાના ફંડ, ડેટ ફંડ, લિક્વિડ ફંડ, બેલેન્સ એડવાન્ટેજ ફંડ, હાઈબ્રિડ ઈક્વિટી ફંડ, એગ્રેસિવ ઈક્વિટી ફંડ, સિક્યોર ફંડ, મિડ કેપ ફંડ, મલ્ટી કેપ ફંડ, મલ્ટી એસેટ એલોકેશન ફંડ, લાર્જ કેપ ફંડ, ફ્લેક્સી કેપ ફંડ, થિમેટિક ફંડ, સેક્ટોરિયલ ફંડ વિગેરે.... આ બધા જ ફંડ્સમાં ગ્રાહકની જોખમ લેવાની ક્ષમતા મુજબ રોકાણની શક્યતા રહેલી છે. એનો મતલબ એ થયો કે રોકાણની ખૂબ જ વાઈડ રેન્જ કસ્ટમરને મળી રહી છે અને સાથે સાથે રોકાણ ફક્ત Rs. 500થી દર મહિને શરૂ કરી શકાય તેવી સરળતા છે. આનાથી સામાન્ય વ્યક્તિ પણ ઓછા રોકાણ માં પણ માર્કેટનું વળતર લઈ શકે છે. માટે MF ની SIP ખૂબ જ પ્રચલિત બની છે. આમ તો MFમાં સામાન્ય રીતે 3 પદ્ધતિ હેઠળ રૂપિયાનું રોકાણ થતું હોય છે. જેમાં સામેલ છે: 1) SIP, 2). Lumpsum અને 3) SWP SWP : તમારા રોકાણમાંથી દર મહિને નિશ્ચિત રકમ તમારા બેંક ખાતામાં જમા થાય. માટે, મ્યુચ્યુઅલ ફંડ સામાન્ય લોકો માટે ખૂબ જ લોકપ્રિય બચત ઈન્સ્ટ્રુમેન્ટ સાબિત થઈ ગયું છે. જો તમારા રોકાણને તમે જો ઓછામાં ઓછા 7-8 વર્ષ આપો તો ઘણું સારું રિટર્ન મેળવી શકાય છે.

શેર બજારમાં રોકાણ કરવું ખૂબ જ સમજી વિચારીને કરવામાં આવતો વિષય છે. જો તમારી પાસે બચત ઉપરાંતના રૂપિયા, knowledge અને risk લેવાની ક્ષમતા હોય તો જ બજારમાં રોકાણ કરવું જોઈએ.

રોજ રોજનું ટ્રેડિંગ કરવામાં ક્યારેક નુકશાન પણ થતું હોય છે. સારો સ્ટોક લઈને મૂકી રાખીએ તો વળતરની સંભાવના વધી જાય.

પણ, એક વાત ચોક્કસપણે કહી શકાય કે શેર માર્કેટનો કોઈ પણ 15 વર્ષનો સમયગાળો લઈએ તો 12થી 15 % સુધીનું સરેરાશ વળતર મળ્યું છે.

માર્કેટ સેન્ટિમેન્ટ પર કામ કરતું હોય છે, માટે સમજી વિચારીને પોતાની મેહનતની મૂડી લગાવવી જોઈએ.

હાલના સમયમાં જોવા મળ્યું છે કે માર્કેટ તો વધે છે પણ મોટાભાગના રોકાણકારો કમાતા નથી, ખૂબ જ મર્યાદિત વર્ગ જ કમાતો હોય છે માટે વિચારીને રોકાણ કરવું હિતાવહ છે.

# SBI એ 100 અબજ ડોલરની માર્કેટ કેપ સ્પર્શી રચ્યો ઈતિહાસ

## બેન્કનું આગામી લક્ષ્ય 2030 સુધીમાં વિશ્વની ટોચની 10 સૌથી મૂલ્યવાન બેન્કોમાં સ્થાન મેળવવાનું છે

**મુંબઈ, તા.09**

ભારતની વધતી અર્થવ્યવસ્થા અને સતત વૃદ્ધિ વચ્ચે, વધુ એક રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દેશની સૌથી મોટી સરકારી બેન્ક, સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (SBI) એ વ્યવસાયમાં 100 લાખ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. બેન્કનું આગામી લક્ષ્ય 2030 સુધીમાં વિશ્વની ટોચની 10 સૌથી મૂલ્યવાન બેન્કોમાં સ્થાન મેળવવાનું છે.

જેનાથી વૈશ્વિક સ્તરે ભારતીય બેન્કિંગનું સ્થાન અને પ્રભુત્વ સ્થાપિત કરવામાં મદદ મળશે. RBI પણ બેન્કિંગ ક્ષેત્રને સુધારવા માટે સતત પગલાં લઈ રહ્યું છે. SBI એ જણાવ્યું કે, બેન્કનું લક્ષ્ય તેનું મૂલ્ય વધુ વધારવાનું છે અને તે પ્રાપ્ત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.





SBI ચેરમેન સી.એસ સેટ્ટીએ જાણકારી આપી કે, માર્કેટ કેપના હિસાબે SBI દેશની સૌથી મોટી સરકારી સંપત્તિઓમાંથી એક છે. વળી, બેન્કનો હેતુ એ છે કે, તે પોતાના મૂલ્યને સતત વધારે. ચેરમેનનું કહેવું છે કે, અમે ગત વર્ષે સારી કમાણી કરી હતી. જોકે, અમારો કેપિટલ રેશિયો ઘણી અન્ય બેન્કો કરતા ઓછો છે. અમે CAR 15 ટકા અને CET-1 12 ટકાનું લક્ષ્ય રાખ્યું છે, જે ભવિષ્યની જરૂરિયાતો સાથે મજબૂત મૂડી લાભને જોડે છે.' સી.એસ સેટ્ટીએ વધુમાં સમજાવ્યું કે, મૂડી ક્યારેય બેન્કના વિકાસમાં અવરોધ નથી બની. છેલ્લા ચારથી પાંચ વર્ષમાં, બેન્કના નફામાં વધારો થયો છે, જેના કારણે તેની મૂડીમાં વધારો થયો છે.

ચેરમેન તરીકે, SBI પાસે 6 થી 7 ટ્રિલિયન રૂપિયાનો ગ્રોથ સપોર્ટિંગ કેપિટલ હાજર છે. SBI 100 બિલિયન ડૉલર માર્કેટ કેપને પાર કર્યું. અઠવાડિયાના ચોથા ટ્રેડિંગ દિવસે, SBIનું માર્કેટ કેપિટલાઈઝેશન 100 બિલિયન ડૉલરને વટાવી ગયું, જે HDFC બેન્ક, TCS, રિલાયન્સ, એરટેલ અને ICICI બેન્ક જેવી દિગ્ગજોની હરોળમાં જોડાયું. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં બેન્કનો ચોખ્ખો નફો 10 ટકા વધીને 20,160 કરોડ રૂપિયાથી વધુ થયો.

### કેટલાક શહેરોમાં તો ડીલરો પાસે વાહનોના પૂરવઠા કરતા પણ વધુ માંગ

# તહેવારોની મોસમમાં વાહનોનું 52 લાખથી વધુ વિક્રમી વેચાણ

**મુંબઈ, તા.09**

વર્તમાન વર્ષના નવરાત્રી થી દિવાળીની ૪૨ દિવસની તહેવારોની મોસમ દરમિયાન દેશમાં ઓટો રિટેલ વેચાણ આંક બાવન લાખથી વધુ સાથે વિક્રમી સપાટીએ જોવા મળ્યો છે. ગયા વર્ષના નવરાત્રી થી દિવાળીની મોસમની સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળામાં રિટેલ વેચાણમાં ૨૧ ટકા વધારો જોવા મળ્યો છે. પેસેન્જર વાહનો તથા ટુ વ્હીલર્સના વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ થયાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું. આગામી લગ્નસરાની મોસમમાં પણ વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. વર્તમાન વર્ષના નવરાત્રીના પ્રથમ દિવસથી જ ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં જોરદાર ઘટાડાને કારણે વાહનોની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થતા ગ્રાહકોમાં તહેવારો દરમિયાન ખરીદીનું આકર્ષણ વધ્યું હતું. એકંદર ઓટો રિટેલ વેચાણ આંક જે ગયા વર્ષના નવરાત્રી થી દિવાળીના તહેવારોમાં ૪૩,૨૫,૬૩૨ રહ્યો હતો તે વર્તમાન વર્ષમાં ૨૧ ટકા વધી ૫૨,૩૮,૪૦૧ રહ્યાનું ફાડાના નિવેદનમાં જણાવાયું હતું. પેસેન્જર વાહનોનું વેચાણ ૬,૨૧,૫૩૯ એકમથી ૨૩ ટકા વધી ૭,૬૬,૯૧૮ રહ્યું હતું જ્યારે ટુ વ્હીલર્સનું વેચાણ ૩૩,૨૭,૧૯૮ એકમ પરથી ૨૨ ટકા વધી ૪૦,૫૨,૫૦૩ વાહન જોવા મળ્યું હતું. જીએસટીમાં ઘટાડાને કારણે વાહનોની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થતા ખરીદીમાં વધારો થયો હતો. કેટલાક શહેરોમાં તો ડીલરો પાસે માલના પૂરવઠા કરતા માગ વધારે જોવા મળી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો.

# ભારતમાં પ્રાઈવેટ ઇક્વિટી FDIનું સૌથી મોટું ચાલક પરિબળ પુરવાર થયું

## પ્રાઈવેટ ઈક્વિટીએ છેલ્લા 25 વર્ષોમાં જાહેર બજારો કરતાં 6.7 ટકા વધુ સારો દેખાવ કર્યો

**અમદાવાદ, તા.09**

પ્રાઈવેટ ઈક્વિટી (PE) કંપનીઓ ભારતમાં સીધા વિદેશી રોકાણમાં સૌથી મોટા ફાળો આપનાર તરીકે ઉભરી આવી છે અને રોજગાર સર્જનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટીનો પ્રવેશ ખાસ કરીને ઓછો છે. ભારત છેલ્લા ત્રણ વર્ષથી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા રહી છે. જે જોતાં ભારત ખાનગી ઈક્વિટીની વૈશ્વિક માંગમાં અગ્રેસર રહેશે તેમ ઉદ્યોગના વરિષ્ઠ સુત્રોએ જણાવ્યું હતું. આ સુત્રોએ જણાવ્યું હતું કે, ભારત ઘણા વર્ષોથી વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું વૈકલ્પિક બજાર રહ્યું છે. આનું કારણ એ પણ છે કે આપણે નાના આધારથી શરૂઆત કરી રહ્યા છીએ અને પ્રાઈવેટ ઈક્વિટી તેની ક્ષમતાને ઓછી કરી રહી છે. પરંતુ હવે આપણી પાસે પૂરતો ડેટા અને





મજબૂત વલણો છે જે દર્શાવે છે કે ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટી મુખ્ય પ્રવાહનું ક્ષેત્ર બનવા તરફ આગળ વધી રહી છે. અત્યાર સુધી, બેંકો, વીમા અને મ્યુચ્યુઅલ ફંડ મુખ્ય પ્રવાહમાં રહ્યા છે. પ્રાઈવેટ ઈક્વિટીએ છેલ્લા ૨૫ વર્ષમાં જાહેર બજારો કરતાં ૬.૭ ટકા વધુ સારો દેખાવ કર્યો છે. જ્યારે વૈશ્વિક સ્તરે રોકાણ ૨ ટ્રિલિયન ડોલરને વટાવી ગયું છે.

તેથી, જ્યારે વૈશ્વિક સ્તરે વાત આવે છે, ત્યારે તે ચોક્કસપણે મુખ્ય પ્રવાહમાં છે. ભારતમાં સોદાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તે ખૂબ જ ગતિશીલ ઈકોસિસ્ટમ છે, અને ભારતમાં છૈંખજ અને ફંડ મેનેજરોને હવે સ્થાનિક મૂડીનો એક મોટો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. વેલ્થ મેનેજરો અતિ-ધનવાન અને પરિવારની ઓફિસોની સંપત્તિનું સંચાલન કરી રહ્યા છે. આ હેઠળ, ફાળવણી માત્ર ૭ થી ૮ ટકા હવે છૈંખજ તરફ છે.

# સોનાના ભાવમાં સતત ત્રીજા સપ્તાહે ઘટાડો: આ અઠવાડિયે સોનું ₹670 ઘટીને ₹1,20,100 થયું

**મુંબઈ, તા.09**

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 31 ઓક્ટોબરે સોનું 1,20,770 પ્રતિ 10 ગ્રામ હતું, જે 7 નવેમ્બર સુધીમાં 670 ઘટીને 1,20,100 થયું છે. આ સતત ત્રીજું અઠવાડિયું છે, જ્યારે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. 17 ઓક્ટોબરે, સોનું 1,29,584 પ્રતિ 10 ગ્રામ હતું. ચાંદીની પણ આવી જ સ્થિતિ છે. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે (31 ઓક્ટોબર) 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ 1,49,125 રૂપિયા હતો, જે આ અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ



દિવસ, 7 નવેમ્બર સુધીમાં 850 રૂપિયા ઘટીને 1,48,275 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયો છે. સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાને કારણે ભારતમાં મોસમી ખરીદી પૂર્ણ થઈ: દિવાળી જેવા તહેવારો પછી ભારતમાં સોના અને ચાંદીની ખરીદી ધીમી પડી ગઈ છે. એના કારણે સોના અને ચાંદીની માગમાં ઘટાડો થયો છે. વૈશ્વિક તણાવમાં ઘટાડો: સોના અને ચાંદીને 'સેફ હેવન' માનવામાં આવે છે, એટલે કે લોકો મુશ્કેલ સમયમાં એને ખરીદે છે. વૈશ્વિક તણાવમાં ઘટાડો થવાથી એના ભાવમાં ઘટાડો થયો છે. પ્રોફિટ ટેકિંગ અને ઓવરબોટ સિગ્નલ: રોકાણકારો તેજી પછી પ્રોફિટ બુક કરી રહ્યા છે. રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) જેવાં ટેક્નિકલ ઈન્ડિકેટર્સ દર્શાવે છે કે કિંમતો ઓવરબોટ ઝોનમાં પહોંચી ગઈ છે, તેથી ટ્રેન્ડ ફોલોઅર્સ અને ડીલરો વેચાણ શરૂ કરી દીધું છે.

### ગાંધીનગરમાંથી ઝડપાયેલા ISISના ત્રણ આતંકીઓની 'ઝેરીલી' માનસિકતા

# ATSએ દેશભરમાં પોઈઝન એટેક કરવાના ષડયંત્રનો પર્દાફાશ કર્યો : પકડાયેલા આરોપીઓમાંથી એક MBBS

**અમદાવાદ, તા.09**

ગુજરાત કે દેશના કોઈ ભાગમાં મોટો આતંકીવાદી હુમલો કરવાની તૈયારીમાં રહેલા ISISના ત્રણ આતંકીઓને ગુજરાત ATSએ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકીના એક ડો. સૈયદ અહેમદનો ખતરનાક ઈરાદો હોવાનો ઘટસ્ફોટ થયો છે. ચીનમાં તબીબી અભ્યાસ કરનાર ડો. સૈયદના પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્ક હતા. તે સાઈનાઈડથી ખતરનાક ઝેર બનાવી રહ્યો હતો. મોટું ફંડ એકત્ર કરી ગુજરાત કે દેશમાં મોટો આતંકી હુમલો કરવાનો તેનો ઈરાદો હોવાનું હતો. ઝડપાયેલા ત્રણેય ISKP(ઈસ્લામિક સ્ટેટ - ખોરાસાન પ્રાંત)થી પ્રભાવિત હોવાનો ઘટસ્ફોટ થયો છે.



ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ મૂળ હૈદ્રાબાદનો રહેવાસી છે અને ગુજરાત તે હથિયાર કલેક્ટ કરવા આવ્યો હતો. આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ નામના યુપીના આતંકીઓએ રાજસ્થાનના હનુમાગઢથી હથિયારો મેળવીને ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાં છોડી દીધા હતા. જે ડો. અહેમદ સૈયદે કલેક્ટર કર્યા હતા. જો કે, તે હથિયારો લઈ પરત હૈદ્રાબાદ જાય તે પહેલા જ ATSએ તેને દબોચી લીધો હતો. ત્રણેય આતંકીઓ પાસેથી 3 વિદેશી બનાવટની પિસ્ટલ, 30 જીવતા કારતૂસ અને 4 લિટર કેસ્ટર ઓઈલ કબજે કરાયું છે.

ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, હૈદ્રાબાદનો રહેવાસી ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ નામનો આતંકવાદી ગુજરાતમાં હુમલાને અંજામ આપવા માટે અમદાવાદ આવ્યો છે. જેના આધારે એટીએસની ટીમે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી હતી. ટેક્નિકલ એનાલિસિસ કરતા અમદાવાદ-મહેસાણા રોડ પર આવેલા અડાલજ ટોલ પ્લાઝા પાસે એક સિલ્વર કલરની ફોર્ડ ફિગો કારની તલાશી લેતા તેમાંથી ડો. સૈયદ મળઈ આવ્યો હતો. તેના કબજામાંથી બે ગ્લોક પિસ્ટલ અને એક બેરેટા પિસ્ટલ તથા 30 જીવતા કારતૂસ અને 4 લીટર કેસ્ટર ઓઈલ મળી આવ્યું હતું.

એટીએસની તપાસમાં જાણવા મળ્યું કે, ડો. અહેમદ સૈયદ હૈદ્રાબાદથી ગુજરાત હથિયાર લેવા માટે આવ્યો હતો. તેને હથિયારો કલોલ નજીકના એક કબ્રસ્તાનમાંથી મેળવ્યા હોવાની માહિતી આપી હતી. કલોલ સુધી હથિયારો કઈ રીતે આવ્યા તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. ડો. અહેમદ સૈયદના ફોનમાંથી મળી આવેલા એક નંબરની તપાસ કરતા લોકેશન બનાસકાંઠાનું મળી આવ્યું હતું. એટીએસની એક ટીમ બનાસકાંઠા પહોચી હતી અને બે શકમંદોને લાવી હતી. તેની પૂછપરછ કરતા તેઓના નામ મોહમ્મદ સુહેલ અને આઝાદ શેખ હોવાનું જાણવા મળ્યું હતું. આતંકવાદી માનસિકતા ધરાવતા આ બંને ઈસમોએ રાજસ્થાનના હનુમાનગઢથી હથિયારો લીધા હતા. આ લોકોએ લખનૌ, દિલ્હી અને અમદાવાદના ઘણા સંવેદનશીલ સ્થળોએ રેકી કરી હતી. ગુજરાત ATSના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, જે ત્રણ આતંકી ઝડપાયા છે તેમાંનો એક ડો. અહેમદ સૈયદે ચાઈનાથી MBBS કર્યું છે. તે અનેક ભાષા જાણે છે. સોશિયલ મીડિયા પર ઘણી ફોરન NTT ( non-territorial terrorism) સાથે જોડાયેલો છે. તેનં કનેકશન અબુ ખદીજા નામની NTT સાથે મળી આવ્યું છે. ડો. અહેમદ સૈયદનો મોટું ફંડ એકત્ર કરી મોટો આતંકવાદી હુમલો કરવાનો ઈરાદો હતો.

ATSનું કહેવું છે કે, ડો. અહેમદ સૈયદની વધુ પૂછપરછ અને તેના ફોનની તલાશી લેતા તે રાઈસીન નામનું ઝેર બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેના માટે તેને કાચોમાલ, કેમિકલ અને સાધનો એકત્ર કરી લીધા હતા. જેને લગતા પુરાવાઓ તેના ફોનમાંથી પણ મળી આવ્યા છે.

ગુજરાત ATSના ડીઆઈજીને જ્યારે આ બાબતે સવાલ કરાયો ત્યારે તેમને કહ્યું હતું કે, હજી સુધી કોઈ લોકલ વ્યકિતની આ બાબતે સંડોવણી સામે આવી નથી.જે ત્રણ લોકો ઝડપાયા છે તેમાં બે યુપીના અને એક હૈદ્રાબાદનો રહેવાસી છે. ત્રણેય પાસેથી ચાર મોબાઈલ ફોન અને બે લેપટોપ કબજે કરાયા છે. કોઈ લોકલ વ્યકિત સંકળાયેલું છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય એજન્સી અને અન્ય રાજ્યની પોલીસની પણ જરુર પડ્યે મદદ લેવામાં આવશે.

### UAPA અંતર્ગત ATS પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

ઝડપાયેલા આરોપી અહેમદ મોહ્યુદ્દીન સૈયદ, આઝાદ સુલેમાન શેખ, મોહમ્મદ સુહેદ મોહમ્મદ સલીમ અને વોન્ટેડ આરોપી અબુ ખદીજા સામે ધ અનલોફુલ એક્ટિવિટીઝ(પ્રિવેન્શન) એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા તથા આર્મ્સ એક્ટ હેઠલની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### થોડા મહિના અગાઉ AQISનો પ્રચાર પ્રસાર કરતા 4ની ધરપકડ કરાઈ હતી

ગુજરાત ATSએ ચાર મહિના પહેલા અલકાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી હતી. આ ચારમાં બે વ્યક્તિ ગુજરાતના અમદાવાદ અને મોડાસાના હતા, જ્યારે બે વ્યક્તિ દિલ્હી અને નોઈડાની હોવાનું સામે આવ્યું હતું. અલકાયદાના દક્ષિણ એશિયા ક્ષેત્ર સાથે જોડાયેલા AQIS(અલકાયદા ઈન ઈન્ડિયા સબકોન્ટિનેન્ટ)ની વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તેઓ સોશિયલ મીડિયા અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હતા.

## પશુ સાથે માલિક પણ પાંજરામાં! આજીવિકા બચાવવા રડતી દીકરી પર AMCના કર્મચારીઓને દયા ન આવી!



**અમદાવાદ, તા.09**

અમદાવાદના નરોડા-નાના ચિલોડા ચાર રસ્તાનો એક વીડિયો વાઈરલ થયો છે. જેને જોઈને તમારું દિલ દ્રવી ઉઠશે. 8 નવેમ્બરે AMCની ઢોર પાર્ટી રખડતા ઢોર પકડવા આવી હતી, પરંતુ, જાણે ચોપડે કામ બતાવવાનું હોય તેમ તેમણે એક બળદ ગાડું પકડ્યું, અને ગાડામાંથી બળદને છોડી ટ્રેક્ટરમાં ચડાવી રહ્યા હતા. જે કોઈનું આજીવિકાનું સાધન હતું.

બળદને ટ્રેક્ટરના પાંજરામાં ચઢાવવામાં આવતા જ, તેની માલિક, એક દીકરી, પોક મૂકીને રડવા લાગી. તે અધિકારીઓ સામે કરગરતી રહી કે, 'આ રખડતું ઢોર નથી, આ મારી આજીવિકા છે!' પણ, સંવેદનહીન અધિકારીઓ માન્યા નહીં. કોર્પોરેશનના અધિકારીઓ અને સાથે રહેલા કર્મચારીઓએ તેની આજીજી સાંભળવાને બદલે કાર્યવાહી ચાલુ રાખી. છેવટે, દીકરી પોતાના બળદથી અલગ ન થવાના ઈરાદે અને બળદને બચાવવા જીદ કરીને ટ્રેક્ટરના પાંજરામાં બળદ સાથે જ બેસી ગઈ.

વિચારો, બે-ત્રણ કિલોમીટર સુધી આ દીકરીને પશુની જેમ પાંજરામાં પૂરીને પોલીસ સ્ટેશન લઈ જવી કેટલી યોગ્ય વાત છે? જ્યાં સ્ત્રી સન્માન અને માનવતાની મોટી મોટી વાતો થાય છે, ત્યાં આ દ્રશ્ય જોઈને સૌના દિલ દ્રવી ઉઠ્યા છે. કોર્પોરેશનના કર્મચારીઓ અને હાજર પોલીસની આ અસંવેદનશીલ કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

## શહેરના પોશ વિસ્તાર આંબાવાડી બજારમાં 17 વર્ષે ડિમોલિશન, 16 દુકાનો તોડી પડાઈ

**અમદાવાદ, તા.09**

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા એવા આંબાવાડી વિસ્તારમાં છડાવાડ ચોકીથી આંબાવાડી બજાર તરફના 16 કોમર્શિયલ બાંધકામ શનિવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા જે.સી.બી. સહિતની મશીનરીની મદદથી તોડી પાડતા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામા લોકો કાર્યવાહી જોવા ઉમટી પડયા હતા.



18 મીટરનો હયાત રસ્તો રીડીપી મુજબ 30 મીટર પહોળો કરવા કોર્ટના લીટીગેશન દુર થતા જ રોડ ઉપર નડતરરુપ એવા કોમર્શિયલ બાંધકામ તોડી પડાયા છે. હજુ એક નડતરરુપ બાંધકામ દુર કરવા મામલે લીટીગેશન હટ્યા પછી અમલ કરાશે. 17 વર્ષ પછી મ્યુનિસિપલ કોર્પોરેશન આ વિસ્તારમા અમલ કરી શકયુ છે.

નવરંગપુરા વોર્ડના આંબાવાડી ખાતે રુદ્ર કોમ્પલેકસની આગળના ભાગમા રોડલાઈન કપાતમા આવતા 16 કોમર્શિયલ એકમોને અગાઉ વખતોવખત કોર્પોરેશન તરફથી નોટિસ આપવામા આવતી હતી.પશ્ચિમ ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર મહેશ તબિયારે કહ્યું,વર્ષ 2007-08 થી આ વિસ્તારમા રોડ લાઈનનો અમલ કરવાના મામલે કોર્ટ લીટીગેશન ચાલ્યુ આવે છે. આ અગાઉ લીટીગેશન દુર થતા નવ જેટલા કોમર્શિયલ બાંધકામ તોડી પડાયા હતા.રોડ પહોળો થવાથી આંબાવાડી અને ભુદરપુરા તરફ જવાવાળા લોકોને સરળતા મળી રહેશે.

## ડિલિવરી બોયના પિતાએ સિક્યુરિટી ગાર્ડને ઢોર માર માર્યો

### એન્ટ્રી વગર ઘૂસતા ઠપકો આપી અટકાવતા રોષે ભરાયો, અન્ય સાગરીતોને બોલાવી ફરી માર મારી છરી વડે હુમલો કરાવ્યો

**અમદાવાદ, તા.09**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા ફ્લેટમાં આધેડ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે રાત્રિ દરમિયાન એન્ટ્રી કર્યા વગર એક ડિલિવરી બોય ફ્લેટ અંદર પ્રવેશતા તેને અટકાવતા રોષે ભરાયો. બોલાચાલી બાદ ડિલિવરી બોય અને બહારથી આવેલા તેના પિતાએ મળીને ગાર્ડને માર માર્યો અને મેઈન ગેટનું બેરિયર પણ તોડી નાખ્યું હતું.

ડિલિવરી બોયે તેના મિત્રોને બોલાવ્યા હતા અને એક વ્યક્તિએ છરી વડે આધેડને હાથ અને આંખ પાસે ઈજા પણ પહોંચાડી હતી. સમગ્ર મારામારી અને તોડફોડની ઘટના CCTVમાં કેદ થઈ હતી. સરખેજ પોલીસે ડિલિવરી બોય અને અન્ય પાંચ સામે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી.



સરખેજમાં રહેતા 52 વર્ષીય મહમંદ સમીર શેખ સરખેજ ફતેવાડીમાં આયમન 52માં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેઓ રાતના સમયે નોકરી પર હાજર હતા, ત્યારે ફ્લેટ બહાર દુકાનની લાઈટ બંધ કરવા ગયા હતા ત્યારે એક ઝેપટો કંપનીનો ડિલિવરી બોય મેઈન ગેટ તરફ આવતો હતો. જેને સમીરભાઈએ ઊભો રાખ્યો હતો અને કહ્યું કે એન્ટ્રી કર્યા વિના અંદર કેમ ગયો. ડિલિવરી બોયે કહ્યું કે, તમે હાજર નહોતા તો ડિલિવરી કરવા નહીં જવાનું. જેથી સમીરભાઈએ કહ્યું કે, હવે પછી એન્ટ્રી કર્યા વગર ગેટમાં પ્રવેશ કરવો નહીં.

બાદમાં ડિલિવરી બોય સિક્યુરિટી ગાર્ડ સમીરભાઈ સાથે બોલાચાલી કરી મારામારી કરવા લાગ્યો હતો. આ દરમિયાન એક વ્યક્તિ બહારથી આવ્યો અને કહેવા લાગ્યો કે, કેમ મારા દીકરા સાથે બોલાચાલી કરે છે. કહી મેન ગેટનું બેરિયર તોડીને આવ્યો અને સમીરભાઈ સાથે મારામારી કરી લોખંડની પાઈપ દ્વારા સમીરભાઈને માર મારવા લાગ્યો હતો. જે દરમિયા આસપાસના લોકો ભેગા થઈ જતાં સમીરભાઈને વધુ માર મારવાથી છોડાવ્યા હતા.

સમીરભાઈ એ-બ્લોકની સીડી તરફ જતા રહ્યા ત્યારે ડિલિવરી બોય તેના અન્ય સાગરીતો સાથે ફરી આવ્યો અને સમીર ભાઈને માર મારવા લાગ્યો હતો. એક વ્યક્તિ છરી લઈને આવ્યો હતો જેણે સમીરભાઈને હાથ ઉપર અને આંખ પાસે છરી પણ મારી હતી. મારામારી દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ ગયા જેમણે સમીરભાઈને છોડાવ્યા હતા. સમીરભાઈને 108 એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે વી.એસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

સમીરભાઈએ ડિલિવરી બોય અને અન્ય પાંચ વ્યક્તિઓ સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. સમગ્ર મારામારી અને તોડફોડની ઘટના પણ સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

## 11 જિલ્લાના 31 આદિવાસી સમુદાયના DNA સેમ્પલ લેવાશે, આનુવંશિક બીમારી પર અંકુશ મેળવવા નિર્ણય

**અમદાવાદ, તા.09**

ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે એક મોટું પગલું ભર્યું છે. રાજ્ય સરકારે આદિવાસી સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કરીને એક વ્યાપક જીનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેના કારણે ગુજરાત ભારતનું પ્રથમ એવું રાજ્ય બન્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમુદાયોમાં વ્યાપક આનુવંશિક બીમારીઓનું નિદાન અને નિવારણ સુધારવાનો છે.

જીનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ હેઠળ સંશોધકો ગુજરાતના 11 જિલ્લાઓના 31 આદિવાસી સમુદાયોમાંથી DNA નમૂનાઓ એકત્રિત કરી રહ્યા છે. આ નમૂનાઓ દ્વારા એક વ્યાપક ડેટાબેઝ બનાવવામાં આવશે. આ ડેટાબેઝ આદિવાસી જૂથોમાં પ્રવર્તતી આનુવંશિક રોગોના નિદાન અને તેમની સારવારની પદ્ધતિઓને સુધારવામાં મદદરૂપ થશે.

ગુજરાતની આદિવાસી વસ્તી લાંબા સમયથી થેલેસેમિયા અને સિકલસેલ એનિમિયા જેવી ગંભીર આનુવંશિક બીમારીઓનો સામનો કરી રહી છે.



આમાંની અમુક આનુવંશિક બીમારીઓ છેલ્લા સ્ટેજ સુધી પણ શોધી શકાતી નથી, જેના કારણે સારવાર વધુ જટિલ બની જાય છે.

જીનોમ એટલે શરીરના કોષોની અંદર રહેલી આનુવંશિક સામગ્રી. જીનોમ સિક્વન્સિંગ કોષની અંદર જનીનનું ચોક્કસ સ્થાન અને તેની રચનાને સમજવા માટે કરવામાં આવે છે. તે જનીનોમાં થતા ફેરફારો (મ્યુટેશન) વિશે માહિતી આપે છે, જે રોગોનું મૂળ કારણ હોય છે.

આ પ્રોજેક્ટ દ્વારા વૈજ્ઞાનિકોને અનેક લાભો મળશે. જીનોમ સિક્વન્સિંગ દ્વારા આનુવંશિક મ્યુટેશનને વહેલી તકે શોધી શકાશે. આ ડેટાના આધારે ઓછા ખર્ચે ડાયગ્નોસ્ટિક પેનલ તૈયાર કરી શકાશે. IVF પ્રક્રિયાઓ દરમિયાન પ્રિનેટલ અથવા તો ગર્ભ-સ્તરનું પરીક્ષણ પણ શક્ય બનશે.

જીનોમ મેપિંગ દ્વારા આવા રોગોના વાહકો (Carriers)ને વહેલી તકે ઓળખી શકાશે, જેથી રોગ વિશે વહેલી જાણકારી મળે અને તેના નિવારણ માટે યોગ્ય પગલાં લઈ શકાય. આ પહેલથી આદિવાસી સમુદાયોના જાહેર સ્વાસ્થ્યમાં ક્રાંતિકારી સુધારો થવાની આશા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

